| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૦૫–૧૨–૨૦23 | | |
| દાખલ તારીખ | ૦૫–૧૨–૨૦23 | | |
| ફેસલ તારીખ | ૨૫–૦૩–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દીવસ |
| | ૦૨ | ૦૩ | ૨૦ |

**સ્પેશ્યલ એટ્રોસીટી કેસ નંબર:૪૦/૨૦23**

**આંક :– ૫૧**

**FORM-A**

| | |
|---|---|
| મે.ખેડા જીલ્લાના સ્પેશ્યલ (એટ્રોસીટી ) જજ તથા ચોથા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની અદાલતમાં, મુકામ : નડીઆદ. (શ્રી એમ.જે.બ્રહમભટ્ટ, ચોથા એડીશ્નલ સેશન્સ જજ ) | |
| ચુકાદાની તારીખ: ૨૫/૦૩/૨૦૨૬<br>સ્પે. એટ્રોસીટી કેસ નં.૪૦/૨૦૨3<br>(ગુનો : ખેડા ટાઉન પો.સ્ટે.ગુના રજી.નં.૧૧૨૦૪૦૨૫૨૩૦૬૨૯/૨૦૨૩, ઈ.પી.કો.કલમ – ૧૪૩,૩૨૩,૫૦૪,૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની કલમ – ૩(૧)(આર)(એસ),૩(૨)(૫–અ) મુજબ) | |
| ફરીયાદી | સરકારશ્રી<br>(જીતેન્દ્રભાઇ ઉર્ફે જીતો સન ઓફ કનુભાઇ ચીમનભાઇ વણકર) |
| ફરીયાદી તરફે | વિ.એ.પી.પી.શ્રી એન.એસ.રોહીત |
| વિરૂધ્ધ | |
| આરોપી | નં.(૧) નરેશભાઇ કનુભાઇ ચૌહાણ,ઉ.વ.૨૯<br>નં.(૨) અરવિંદભાઇ અર્જુનભાઇ ઉર્ફે અરજણભાઇ ચૌહાણ, ઉ.વ.૩૯<br>નં.(૩) વિજયભાઇ આતાભાઇ ચૌહાણ,ઉ.વ.૩૩,<br>નં.(૪) અમૃતભાઇ ચુનીભાઇ ચૌહાણ,ઉ.વ.૩૧,<br>નં.(૫) રમેશભાઇ દેવજીભાઇ ગોહેલ,ઉ.વ.૩૦,<br>નં.(૬) ગોપાલભાઇ રાવજીભાઇ ચૌહાણ,ઉ.વ.૩૯<br>નં.(૭) પ્રવિણભાઇ ભલાભાઇ રાઠોડ,ઉ.વ.૩૯<br>નં.(૮)અશ્વિનભાઇ ફતાભાઇ ચૌહાણ, ઉ.વ.૨૮, |

| | |
|---|---|
| | તમામ રહે.વાસણાખુર્દ, તા.જી.ખેડા. |
| આરોપીઓ તરફે | વિ.વ.શ્રી એ.ટી.બાજપાઇ |

## FORM-B

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૪–૧૦–૨૦૨૩ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૨૯–૧૦–૨૦૨૩ |
| ચાર્જશીટ કર્યાની તારીખ | ૦૫–૧૨–૨૦૨૩ |
| તહોમતનામું ફરમાવ્યા તારીખ | ૦૩–૦૭–૨૦૨૪ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૧૮–૦૯–૨૦૨૪ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે | ૧૨–૦૩–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૨૫ –૦૩–૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો. | – – – |

## આરોપીની માહીતી

| આરોપીની રેન્ક | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન પર છુટવાની તારીખ | ચાર્જ ફ્રેમ કર્યા મુજબની કલમ | નિર્દોષ કે દોષિત | સજા લાદવામાં આવી | કલમ–૪૨૮, સી.આર.પી.સી. ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | નરેશભાઇ કનુભાઇ ચૌહાણ,ઉ.વ.૨૯, રહે.વાસણાખુર્દ, તા.જી.ખેડા. | ૩૧/૧૦/૨૩ | ૪/૧૧/૨૩ | ઇ.પી.કો.કલમ – ૧૪૩, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની કલમ – ૩(૧)(આર)(એસ),૩(૨)(૫–અ) | શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. | ના | ––– |
| ૨. | અરવિંદભાઇ અર્જુનભાઇ ઉર્ફે અરજણભાઇ | ૩૧/૧૦/૨૩ | ૪/૧૧/૨૩ | ઇ.પી.કો.કલમ – ૧૪૩, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટ | શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. | ના | ––– |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ચૌહાણ, ઉ.વ.૩૯,રહે. વાસણાખુર્દ, તા.જી.ખેડા. | | | ની કલમ – ૩(૧)(આર)(એસ),૩(૨)(૫–અ) | | | |
| ૩. | વિજયભાઇ આતાભાઇ ચૌહાણ, ઉ.વ.૩૩,રહે. વાસણાખુર્દ, તા.જી.ખેડા. | ૩૧/૧૦/૨૩ | ૪/૧૧/૨૩ | ઇ.પી.કો.કલમ – ૧૪૩, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટ ની કલમ – ૩(૧)(આર)(એસ),૩(૨)(૫–અ) | શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. | ના | --- |
| ૪. | અમૃતભાઇ ચુનીભાઇ ચૌહાણ,ઉ.વ. ૩૧,રહે. વાસણાખુર્દ, તા.જી.ખેડા. | ૩૧/૧૦/૨૩ | ૪/૧૧/૨૩ | ઇ.પી.કો.કલમ – ૧૪૩, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટ ની કલમ – ૩(૧)(આર)(એસ),૩(૨)(૫–અ) | શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. | ના | --- |
| ૫. | રમેશભાઇ દેવજીભાઇ ગોહેલ,ઉ.વ. ૩૦,રહે. વાસણાખુર્દ, તા.જી.ખેડા. | ૩૧/૧૦/૨૩ | ૪/૧૧/૨૩ | ઇ.પી.કો.કલમ – ૧૪૩, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટ ની કલમ – ૩(૧)(આર)(એસ),૩(૨)(૫–અ) | શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. | ના | --- |
| ૬. | ગોપાલભાઇ રાવજીભાઇ ચૌહાણ,ઉ.વ. ૩૯,રહે. વાસણાખુર્દ, તા.જી.ખેડા. | ૩૧/૧૦/૨૩ | ૪/૧૧/૨૩ | ઇ.પી.કો.કલમ – ૧૪૩, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટ ની કલમ – ૩(૧)(આર)(એસ),૩(૨)(૫–અ) | શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. | ના | --- |
| ૭. | પ્રવિણભાઇ ભલાભાઇ રાઠોડ,ઉ.વ. | ૩૧/૧૦/૨૩ | ૪/૧૧/૨૩ | ઇ.પી.કો.કલમ – ૧૪૩, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા | શંકાનો લાભ આપી છોડી મુકેલ | ના | --- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ૩૯,રહે. વાસણાખુર્દ, તા. જી.ખેડા. | | | એટ્રોસીટી એકટ ની કલમ – ૩(૧)(આર)(એસ),૩(૨)(૫–અ) | છે. | | |
| ૮ | અશ્વિનભાઇ ફતાભાઇ ચૌહાણ, ઉ.વ.૨૮,રહે. વાસણાખુર્દ, તા.જી.ખેડા. | ૩૧/૧૦/૨૩ | ૪/૧૧/૨૩ | ઇ.પી.કો.કલમ – ૧૪૩, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટ ની કલમ – ૩(૧)(આર)(એસ),૩(૨)(૫–અ) | શંકાનો લાભ આપી છોડી મુકેલ છે. | ના | --- |

## FORM-C

## પ્રોસીકયુશન/ડીફેન્સ/ કોર્ટના સાક્ષીઓની યાદી

### (એ) ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો :–

| રેન્ક | આંક | નામ | પુરાવાની વિગત |
|---|---|---|---|
| PW-1 | ૨૧ | જીતેન્દ્રભાઇ કનુભાઇ પરમારની જુબાની | ફરીયાદી |
| PW-2 | ૨૪ | રાજેન્દ્રભાઇ બાલાભાઇ પરમારની જુબાની | સાહેદ |
| PW-3 | ૨૫ | સતીષભાઇ મોતીભાઇ પરમારની જુબાની | સાહેદ |
| PW-4 | ૨૭ | નરેન્દ્ર ઉર્ફે કાળો કનુભાઇ પરમારની જુબાની | સાહેદ |
| PW-5 | ૩૧ | ગલાભાઇ છગનભાઇ ડાભીની જુબાની | સાહેદ |
| PW-6 | ૩૫ | સ્નેહરશ્મિ ચીમનભાઇ સોલંકીની જુબાની | આસી. ટી.ડી.ઓ. તા. પં. કચેરી, ખેડા |
| PW-7 | ૩૮ | હીદાયતુલ્લાખાન દલેલખાન પઠાણની જુબાની | ગુનો રજીસ્ટર્ડ કરનાર પોલીસ સાહેદ |
| PW-8 | ૪૦ | ચંદુભાઇ ડાહ્યાભાઇ પરમારની જુબાની | ગુનાવાળી જગ્યાના પંચસાહેદ |
| PW-9 | ૪૨ | ધુળાભાઇ રણછોડભાઇ પરમારની જુબાની | ગુનાવાળી જગ્યાના |

| | | | |
|---|---|---|---|
| | | | પંચસાહેદ |
| PW-10 | ૪૪ | વિક્રમસિંહ નરેન્દ્રસિંહ સોલંકીની જુબાની | તપાસ કરનાર અમલદાર |

**આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ મૌખિક પુરાવો રજુ થયેલ નથી.**

**(બી) બચાવપક્ષનો મૌખિક પુરાવો :–**

| સાહેદનું નામ તથા વિગત |
|---|
| બચાવપક્ષે કોઇ પુરાવો રજુ થયેલ નથી. |

**(સી) કોર્ટના સાક્ષીઓ, જો કોઇ હોય તો :**

| સાહેદનું નામ તથા વિગત |
|---|
| કોઇ મૌખિક પુરાવા રજુ થયેલ નથી. |

**પ્રોસીક્યુશન/બચાવપક્ષ/કોર્ટના દસ્તાવેજી પુરાવાની સુચિ**
**(એ)ફરીયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો :–**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૨ | અસલ ફરીયાદ (તા.૨૯/૧૦/૨૦૨૩) |
| ૨ | ૨૩ (ટેન્ટેટીવ) | ફરીયાદીના જાતિ અંગેના પ્રમાણપત્રની ખરી નકલ (તા.૨/૧૧/૨૦૨૩) |
| ૩ | ૩૬ | જાતિનું પ્રમાણપત્ર મેળવવા રજુ કરેલ દસ્તાવેજો(સંયુકત આંક) |
| ૪ | ૩૯ | સ્ટેશન ડાયરીની ઝેરોક્ષ ખરી નકલ |
| ૫ | ૪૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું (તા.૩૦/૧૦/૨૦૨૩) |
| ૬ | ૪૬ | પુરાવા બંધની પુરસીસ |

**આ સિવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.**

**(બી) બચાવપક્ષ :**

| અનુ.નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | નથી | -- |

## (સી) કોર્ટથી આંક :

| અનુ.નંબર | આંક નંબર | વિગત |
|---|---|---|
| ૧ | નથી | -- |

## (ડી) મટેરીયલ ઓબ્જેકટસ :

| અનુ.નંબર | મટેરીયલ ઓબ્જેકટ નંબર | વિગત |
|---|---|---|
| ૧ | ૦૧ | -- |

## -: ચુકાદો :-

(૧) આ કામના આરોપીઓ વિરૂધ્ધ ખેડા ટાઉન પોલીસ સ્ટેશન ધ્વારા ફરીયાદીની ફરીયાદ આધારે ખેડા ટાઉન પો.સ્ટે.ગુના રજી.નં.૧૧૨૦૪૦૨૫૨૩૦૬૨૯/૨૦૨૩,ઇ.પી.કો.કલમ - ૧૪૩, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની કલમ - ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-અ) મુજબના ગુનાનું ચાર્જશીટ અગાઉના ચોથા એડી.સેશ્નસ જજ સાહેબશ્રીની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) **ફરિયાદપક્ષના કેસની હકીકત :-**

**આ કામના ગુનાની ટુંકમાં હકીકત એવી છે કે,**

તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ મોજે: વાસણાખુર્દ ગામમાં મહાકાળી ચોકમાં દશેરાની માંડવી નિમીતે ગરબા ચાલતા હતા. તે વખતે રાતના આશરે દોઢેક વાગે આ કામના ફરીયાદી ગરબા રમવા માટે ગરબાની લાઇનમાં જઇ ગરબા રમતા હતા. તે વખતે કલાક. ૦૪/૦૦ વાગ્યે આ કામના આરોપીઓએ ગેરકાયદેર મંડળી રચી આરોપી નં.(૧) થી (૫) નાઓ ફરીયાદી પાસે જઇ ગમેતેમ ગાળો

બોલી, ફરીયાદીને સાલા ઢેડા તને ગરબાની લાઇનમાં પ્રવેશ કરવાની પરમીશન કોને આપી, તેમ કહી જાતિ વિશે અપશબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરી આરોપી નં. ૧ નાએ ફરીયાદીની ફેંટ પકડી આરોપી નં. ૧ તથા ૨ નાઓએ ફરીયાદીને લાફા મારી તેમજ આરોપી નં. ૩ અને ૪ નાઓએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી આરોપી નં. ૫ નાએ ફરીયાદીને સાલા ઢેડા ગામની ભાગોળ માંથી નિકળી તો તને ધારીયાથી કાપી નાખીશું, તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને સાહેદ રાજેન્દ્રભાઇ બાલાભાઇ પરમાર નાઓની દિકરી ચોકમાં ગરબા રમતી હતી, તેને ગરબાની લાઇન માંથી કાઢી લેવા બાબતે આરોપીઓ નં. ૬, ૭, ૨, ૮ અને ૧ નાઓએ સાહેદ રાજેન્દ્રભાઇ પરમારને કહેલ કે તારી છોકરીને ગરબા માંથી બહાર કાઢી લે, તેમ કહી ગમેતેમ ગાળો બોલી ગુનો કરી ગુનો કરેલ છે. જેથી ફરીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ કાયદેસર તપાસ થવા તે મતલબની ફરીયાદ તારીખ : ૨૯/૧૦/૨૦૨૩ ના રોજ ખેડા ટાઉન પો.સ્ટેશનના પી.એસ.ઓ., ખેડા ટાઉન પો.સ્ટેશન રૂબરૂ આપતા ફરીયાદ આધારે ખેડા ટાઉન પો.સ્ટે.ગુના રજી.નં.૧૧૨૦૪૦૨૫૨૩૦૬૨૯/ ૨૦૨૩, ઇ.પી.કો.કલમ -૧૪૩, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની કલમ - ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫-અ) મુજબ ગુનો નોંધાયેલ.

## (૩) <u>ચાર્જશીટ :-</u>

આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગેની ફરીયાદ દાખલ થતા, તપાસ કરનાર અધિકારી ધ્વારા ગુનાની જરૂરી અને યોગ્ય તપાસ કરી ઉપરોકત જણાવ્યા મુજબના ગુના અંગેનો પુરાવો મળી આવતા, આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુના અંગે અત્રેની અદાલતમાં તપાસ કરનાર અમલદાર ધ્વારા ચાર્જશીટ અગાઉના ચોથા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં દાખલ થયેલ. ત્યારબાદ કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૦૭

અન્વયે ફરીયાદપક્ષના પોલીસ પેપર્સની નકલો આરોપીઓને વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓ સામે આંક: ૦૮ થી તા.૩/૭/૨૦૨૪ ના રોજ તહોમતનામું ફરમાવવામાં આવેલું છે. જે આરોપીઓને વાંચી સંભળાવવામાં આવતા આરોપીઓએ તેમની સામેના ઉપરોકત તહોમતનામા મુજબનો ગુનો કબુલ હોવાનો ઈન્કાર કરતા તે મતલબનું આંક:૦૯ થી આંક:૧૬ સુધી આરોપીઓનું નિવેદન નોંધતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા, ફરીયાદપક્ષને તેનો પુરાવો રજુ કરવા જણાવવામાં આવેલ.

(૪) ફરીયાદપક્ષ તરફે આરોપીઓ સામેનો આરોપ નિ:શંકપણે પુરવાર કરવા માટે ઉપરોકત ''ફોર્મ–સી'' માં દર્શાવ્યા મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રેકર્ડ ઉપર રજુ કરેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન લેવામાં આવેલ છે અને તેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ બચાવમાં સાક્ષી તપાસવાનો તથા સોગંદ પર જુબાની આપવાનો ઈન્કાર કરેલ છે તેમજ વિશેષમાં જણાવેલ છે કે, ''બનાવના દીવસે અમારા ગામના ગરબામા અમો સ્વયંસેવક તરીકે હાજર હતા તેમા બધી જ્ઞાતી ના લોકો ગરબા ગાતા હતા. ફરીયાદી જીતેન્દ્રભાઈ પણ ગરબા ગાતા હતા પરંતુ તેઓ નીયમોનુસાર લાઈનમા ગરબા ગાતા ના હોવાથી અમોએ તેમને વ્યવસ્થીત ગરબા ગાવાનુ જણાવતા તેઓ ઉશકેરાઈ ગયેલા અને જાતે ગરબામાથી બહાર જતા રહેલા. વધુમા અમારે નીરાંજલી કે તેના પિતા રાજેન્દ્ભાઈ સાથે કોઈપણ બનાવ બનેલ નથી.''

(૬) **દલીલો :–**

ત્યારબાદ બંને પક્ષોની દલીલો સાંભળી. જેમાં સરકાર તરફે

વિધ્વાન એ.પી.પી.શ્રી નાઓએ તેમની મૌખિક દલીલમાં જણાવેલ છે કે, રજુ થયેલ તમામ દસ્તાવેજી તથા મૌખિક પુરાવા આધારે તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ મોજે: વાસણાખુર્દ ગામમાં મહાકાળી ચોકમાં દશેરાની માંડવી નિમીતે ગરબા ચાલતા હતા. તે વખતે રાતના આશરે દોઢેક વાગે આ કામના ફરીયાદી ગરબા રમવા માટે ગરબાની લાઇનમાં જઇ ગરબા રમતા હતા. તે વખતે કલાક. ૦૪/૦૦ વાગ્યે આ કામના આરોપીઓએ ગેરકાયદેર મંડળી રચી આરોપી નં.(૧) થી (૫) નાઓ ફરીયાદી પાસે જઇ ગમેતેમ ગાળો બોલી, ફરીયાદીને સાલા ઢેડા તને ગરબાની લાઇનમાં પ્રવેશ કરવાની પરમીશન કોને આપી, તેમ કહી જાતિ વિશે અપશબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરી આરોપી નં. ૧ નાએ ફરીયાદીની ફેંટ પકડી આરોપી નં. ૧ તથા ૨ નાઓએ ફરીયાદીને લાફા મારી તેમજ આરોપી નં. ૩ અને ૪ નાઓએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી આરોપી નં. ૫ નાએ ફરીયાદીને સાલા ઢેડા ગામની ભાગોળ માંથી નિકળી તો તને ધારીયાથી કાપી નાખીશું, તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને સાહેદ રાજેન્દ્રભાઇ બાલાભાઇ પરમાર નાઓની દિકરી ચોકમાં ગરબા રમતી હતી, તેને ગરબાની લાઇન માંથી કાઢી લેવા બાબતે આરોપીઓ નં. ૬, ૭, ૨, ૮ અને ૧ નાઓએ સાહેદ રાજેન્દ્રભાઇ પરમારને કહેલ કે તારી છોકરીને ગરબા માંથી બહાર કાઢી લે, તેમ કહી ગમેતેમ ગાળો બોલી ગુનો કરી ગુનો કરેલ, તે વિગત <u>ફરીયાદપક્ષ નિ:શંકપણે</u> પુરવાર કરેલ હોય આરોપીઓને કાયદામાં ઠરાવ્યા મુજબની સજા કરવા વિનંતી કરેલ છે.

(૭) આ સામે આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીએ **આંક:૫૦ થી લેખીત દલીલો** રજુ કરેલ છે. જેમાં તેઓએ મહત્વની રજુઆત કરી જણાવેલ છે કે, સદર કામે ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ, બનાવ તા.૨૪/૧૦/૨૦૨૩ એ બનેલ છે જયારે સદર બનાવની ફરિયાદ તા.૨૯/૧૦/૨૩ ના રોજ રાત્રે ૧૦:૦૦ વાગ્યે આપવામાં આવેલ છે.

આમ, સદર કામે ફરિયાદ ૫ દિવસ મોડી આપવામાં આવેલ છે. જેનો કોઈ જ યોગ્ય ખુલાસો ફરિયાદ પક્ષ દ્વારા કરવામાં આવેલ નથી. ફરિયાદ પક્ષે આંક – ૨૧ થી સા.નં. ૧ જીતેન્દ્રભાઈ કનુભાઈ પરમાર ને તપાસેલ છે. તેઓ સદર કામના ફરિયાદી છે. તેઓએ તેમની જુબાનીમાં ઉલટ તપાસમાં જણાવેલ છે કે,"એ વાત ખરી નથી કે, બનાવ બન્યાના પાંચ દિવસ સુધી મેં કોઇ ફરીયાદ કરેલી નહિ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તા. ૨૫/૧૦/૨૦૨૩ ના રોજ ફરીયાદ કરવા હું તથા મારો ભાઈ ફરીયાદ કરવા ગયેલા ત્યારે ફરીયાદ જલ્દી લીધેલ નહી અને સમાધાનની વાત કરતા હતા અને અમને ધકકા ખવડાવેલા અને ચાર દિવસ સુધી પો.સ્ટેશનની બહાર બેસાડી રાખેલા. એ વાત ખરી છે કે, મારી ફરીયાદમાં ફરીયાદ મોડી લખવા બાબતે ઉપરોકત જણાવેલી હકીકત લખાવેલ નથી." સદર કામે ફરિયાદ ૫ દિવસ બાદ એટલે કે તા.૨૯/૧૦/૨૩ ના રોજ આપવામાં આવેલ છે તે રેકર્ડ ઉપર આવેલ undisputed fact છે. પરંતુ ફરિયાદી જુબાનીમાં પોતાની જ ફરિયાદથી તદ્દન વિરોધી વિગતો જણાવે છે. જે ફરિયાદીની વિશ્વસનીયતા શંકાસ્પદ બનાવે છે. વધુમાં ફરિયાદીએ ઉપરોક્ત જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે તેણે પોતાની ફરિયાદમાં ફરિયાદ મોડી લખાવવા બાબતનો કોઈ ખુલાસો કરેલ નથી. ત્યારબાદ ફરિયાદ પક્ષે આંક – ૪૪ થી સાહેદ નં. ૧૦ વિક્રમસિંહ નરેન્દ્રસિંહ સોલંકીને તપાસેલ છે. તેઓ સદર કેસના તપાસ કરનાર અમલદાર છે. તેઓએ પોતાની ઉલટતપાસના પેરા – ૧ માં જણાવેલ છે કે,"એ વાત ખરી છે કે ગુનો તા.૨૫.૧૦.૨૦૨૩ નો છે જ્યારે ફરીયાદ તા.૨૯.૧૦.૨૦૨૩ ની છે.એ વાત ખરી છે કે મારી તપાસમાં એવી કોઇ હકિકત ખુલેલ નથી કે પોલીસે સમાધાનની વાતો કરી ધક્કા ખવડાવેલ, પોલીસ સ્ટેશનની બહાર બેસાડી રાખેલા અને ફરીયાદ લીધેલ નહિ." ઉપરોક્ત જુબાની સ્વતંત્ર, સરકારી અને નિષ્પક્ષ સાહેદની છે જે જોતા સ્પષ્ટ થાય છે કે સદર કામની ફરિયાદ મોડી છે અને ફરિયાદી પોતાની જુબાનીમાં જે વિગતો જણાવે છે તેવી

કોઈ વિગત તપાસ દરમ્યાન મળેલ નથી. આમ, ફરિયાદીએ પોતાની જુબાનીમાં મેજર ઈમ્પ્રુવમેન્ટ અને EXAGGERATION કરેલ છે. ફરીચાદીએ તેમના પુરાવાની ઉલટતપાસમાં જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, બનાવ બન્યાના બીજા દિવસે અમારા ગામમાં ફળિયામાં અમારા સમાજના લોકો ભેગા થયેલા. એ વાત ખરી છે કે, મારી ફરીચાદમાં છેલ્લે એવુ લખાવેલ છે કે, ''અમારા સમાજના આગેવાનોને મળી અમારી સાથે બનેલ બનાવ બાબતે ચર્ચા કર્યા બાદ ફરીયાદ કરવાનું નકકી કરતા આજરોજ મારા કુટુંબના માણસો સાથે અત્રે ફરીયાદ કરવા આવેલ છું." ઉપરોક્ત વિગતો જોતા, ફરિયાદીએ પોતાની ફરિયાદમાં સમાજના લોકો સાથે ચર્ચા કર્યા બાદ ફરિયાદ કરવાનું જણાવેલ છે અને ફરિયાદી જુબાનીમાં પહેલા આ હકીકતનો ઇનકાર કરે છે અને ત્યારબાદ ફરિયાદ બતાવતા તે આ હકીકત સ્વીકાર કરે છે. આથી, ફરિયાદીએ સમાજના લોકો સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ ફરિયાદ આપવાની વિગત ફલિત થાય છે. વધુમાં ફરિયાદી SELF-CONTRADICTORY જુબાની આપતા હોવાનું પણ ફલિત થાય છે. વધુ ઉલટતપાસમાં ફરીચાદી એ હકીકત કબુલ કરે છે કે, "એ વાત ખરી છે કે, મારી હાજરીમાં એવુ બનેલુ હોય અને તે હકીકત મારી રુબરુ બાબતની ફરીચાદમાં લખાવેલ હોય કે, "મહાકાલી ચોકમાં દશેરાની રાત્રે ગરબાની લાઈનમાં મારા બહેન નિરાંજલી ઉભી રહેલ હતી. ત્યારે ગામના આરોપીઓ નામે-નરેશભાઈ કનુભાઈ, અરવિંદ અર્જુનભાઈ, વિજય આતાભાઈ, અમૃતભાઈ ચુનીભાઈ, રમેશભાઈ દેવાભાઈ, પ્રવિણભાઈ ભલાભાઈ, ગોપાલભાઈ રાવજીભાઈ, અશ્વિનભાઈ ફતાભાઈનાઓ મારા કાકાને આવીને કહેવા મંડયા કે સાલા ઢેડાઓ તમે તમારી ઓકાતમાં રહી જાઓ, ગરબાની લાઈનમાંથી તારી છોડીને બહાર કાઢ." તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદમાં "તમારી ઓકાતમાં રહો" તેવુ લખાવેલ નથી." આમ, ફરિયાદીની જુબાનીમાં ઉપરોક્ત મહત્ત્વના મુદ્દા બાબતે MAJOR CONTRADICTIONS રેકર્ડ પર આવેલ છે અને પુરવાર

થયેલ છે. વધુ ઉલટતપાસમાં ફરીયાદીએ જણાવેલ છે કે,"એ વાત ખરી છે કે, રાજેન્દ્રભાઈ બાલાભાઈ પરમાર મારા કાકા થાય. નિરાંજલી ગરબા ગાવા ઉભી હતી ત્યારે હું ત્યાં ગરબા સ્થળે હાજર હતો. નિરાંજલીને ગરબા ગાવામાંથી બહાર કાઢી ત્યારે ત્યાં હું હાજર ન હતો, મારા–કાકાએ બીજા દિવસે સવારે કહેલ ત્યારે મને ખબર પડેલી." આમ, ઉપરોક્ત વિગતો જોતા એ સ્પષ્ટ થાય છે કે, નીરાંજલિના આક્ષેપિત બનાવ અંગે ફરિયાદી હીયર–સે વીટનેશ છે. જેથી તેના પર આધાર રાખી શકાય નહિ. વધુમાં ફરિયાદી બનાવ સ્થળે હાજર હોવા છતાં તેણે તે બનાવ જોયો નથી, જેથી ફરિયાદીની હાજરી અને બનાવના આક્ષેપ અંગે શંકાસ્પદ બને છે. વધુ જુબાનીમાં ઉલટ તપાસમાં ફરીયાદી એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, "એ વાત ખરી છે કે, મારી સાથે બનાવ બન્યો ત્યારે પ્રવિણભાઈ, ગોપાલભાઈ તથા અશ્વિનભાઈ ફતાભાઈનાઓ બનાવ વખતે હાજર ન હતા." આમ, ઉપરોક્ત વિગતો જોતા સ્પષ્ટ થાય છે કે, આરોપી નં. ૬, ૭, ૮ આક્ષેપિત બનાવ સમયે બનાવ સ્થળે હાજર હતા નહિ. તેઓના નામ ફરિયાદીએ માત્ર સાંભળેલા બનાવના આધારે આપેલ છે. જેથી અન્ય તમામ આરોપીઓ સામેના આક્ષેપ પણ શંકાસ્પદ બને છે. જયારે, ફરીયાદપક્ષે તપાસાયેલ આંક:૨૪ થી તપાસાયેલ સાહેદ : રાજેન્દ્રભાઇ બાલાભાઇ પરમાર તેમના પુરાવા દરમ્યાન તેઓ ફરીયાદી સાથેના આક્ષેપિત બનાવની હકીકત તેઓને પાછળથી જાણવા મળેલાનું જણાવે છે. આમ, સદર સાહેદ પણ બનાવના હીયર–સે વીટનેશ છે. આંક:૨૫ થી તપાસાયેલ સાહેદ: સતીષભાઇ મોતીભાઇ પરમાર કે જેઓ ફરીયાદીના કાકા થતા હોય હીત ધરાવનાર સાહેદ છે અને બનાવ સમયે,સ્થળે ફરીયાદી સાથે હાજર હતા પરંતુ, તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. આંક:૨૭ થી તપાસાયેલ સાહેદ : નરેન્દ્રભાઇ કે જેઓ ફરીયાદીના સગાં ભાઇ છે તેઓ તેમની જુબાનીમાં સ્પષ્ટ જણાવે છે કે, સતીષભાઇએ ફોન કરતા તેમને બનાવની ખબર પડેલ છે. આમ, સદર સાહેદ હીયર–સે વીટનેશ

હોય, તેઓના પુરાવાથી પણ ફરીયાદની હકીકતને સમર્થન પ્રાપ્ત થયેલ નથી. સાહેદ ગલાભાઇ છગનભાઇ ડાભી(આંક:૩૧) કે જેઓ બનાવ વખતે સ્થળે હાજર હતા છતાં સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરી ગયેલ નથી. તથા આંક:૩૮ થી તપાસાયેલ પોલીસ સાહેદ : હીદાયતુલ્લાખાન પઠાણ તથા ત.ક.અમલદાર વિક્રમસિંહ પોતાના પુરાવા દરમ્યાન પોતે ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી જુબાની સ્વરૂપે જણાવી ગયા છે. આમ, સદર કામે રેકર્ડે રજુ તમામ પુરાવા ધ્યાને લેતા, પણ આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુના મુજબનો લેશમાત્ર પુરાવો રેકર્ડે આવેલ નથી. આમ, સદર કામે રેકર્ડે રજુ થયેલ તમામ પુરાવાથી ફરીયાદની હકીકત નિ:શંકપણે પુરવાર થયેલ નથી. જેથી ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકયા ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

(૮) **<u>નિર્ણય માટેના મુદાઓ</u> :–**

રેકર્ડ ઉપરની વિષય વસ્તુ, કાયદાની સંબંધીત જોગવાઇઓ તેમજ બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની ઉપરોકત રજુઆતોના આધારે આ અદાલત ધ્વારા નીચે મુજબના મુદાઓ ઘડવામાં આવેલ છે. :–

**<u>મુ દા ઓ :–</u>**

| | |
|---|---|
| **નં.(૧)** | શું ફરીયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ મોજે: વાસણાખુર્દ ગામમાં મહાકાળી ચોકમાં દશેરાની માંડવી નિમીતે ગરબા ચાલતા હતા. તે વખતે રાતના આશરે દોઢેક વાગે આ કામના ફરીયાદી ગરબા રમવા માટે ગરબાની લાઇનમાં જઇ ગરબા રમતા હતા. તે વખતે કલાક. ૦૪/૦૦ વાગ્યે આ કામના આરોપીઓએ ગેરકાયદેર મંડળી રચી આરોપી નં.(૧) થી (૫) નાઓ ફરીયાદી પાસે જઇ ગમેતેમ ગાળો બોલી, આરોપી નં. ૧ નાએ ફરીયાદીની ફેંટ પકડી આરોપી નં. ૧ તથા ૨ નાઓએ ફરીયાદીને લાફા મારી તેમજ આરોપી નં. ૩ અને ૪ નાઓએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી આરોપી નં. ૫ નાએ ફરીયાદીને સાલા ઢેડા ગામની |

| | |
|---|---|
| | ભાગોળ માંથી નિકળી તો તને ધારીયાથી કાપી નાખીશું, તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને સાહેદ રાજેન્દ્રભાઇ બાલાભાઇ પરમાર નાઓની દિકરી ચોકમાં ગરબા રમતી હતી, તેને ગરબાની લાઇન માંથી કાઢી લેવા બાબતે આરોપીઓ નં. ૬, ૭, ૨, ૮ અને ૧ નાઓએ સાહેદ રાજેન્દ્રભાઇ પરમારને કહેલ કે તારી છોકરીને ગરબા માંથી બહાર કાઢી લે, તેમ કહી ગમેતેમ ગાળો બોલી, ગુનો કરી , આરોપીઓએ ઇ.પી.કો.કલમ – ૧૪૩, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ? |
| **નં.(૨)** | શું ફરીયાદપક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે,ઉપરોકત તારીખે,સમયે અને સ્થળે આરોપી એવું જાણતા તથા માનતા હતા કે, ફરીયાદી એ અનુસુચીત જાતિ/ અનુસુચીત જન.જાતિ હિન્દુ–વણકર જ્ઞાતિના સભ્ય છે તેમછતાં, આરોપીએ ગાળો બોલી ફરીયાદીને જાતિવાચક અપમાનજનક શબ્દો ''સાલા ઢેડા તને ગરબાની લાઇનમાં પ્રવેશ કરવાની પરમીશન કોને આપી, તેમ કહી જાતિ વિશે અપશબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરી''તેમ કહી જાતિ વિશે અપશબ્દો બોલી જાહેરમાં અપમાનીત કરી તથા જાતિવિષયક લાગણી દુભાય તે રીતે જાહેરમાં અપમાનજનક વર્તન કરી માનભંગ કરી અનુસુચીત જાતિ/અનુસુચીત જનજાતિ (અત્યાચાર નિવારણ) ધારાની કલમ –૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) મુજબનો શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે ? |
| **નં.(૩)** | શું હુકમ ? |

(૯) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે જણાવેલ કારણોસહીત નીચે મુજબ છે. :–

| | |
|---|---|
| નં.(૧) | **'નકારમાં'** |
| નં.(૨) | **'નકારમાં'** |
| નં.(૩) | **આખરી હુકમ મુજબ** |

**–:: <u>કારણો</u> ::–**

**<u>પુરાવો :–</u>**

**(૧૦)** ઉપરોકત મુદાઓની ચર્ચા કરતા પહેલા આરોપી વિરૂધ્ધનું

તહોમત પુરવાર કરવા સારૂ ફરીયાદપક્ષે રજુ કરવામાં આવેલા રેકર્ડ પરના પુરાવા વંચાણે લેતા, સદર કામે **ફરીયાદી: જીતેન્દ્રભાઈ કનુભાઈ પરમાર (પી.ડબલ્યુ.નં.૧)** ને **આંક:૨૧** થી તપાસેલ છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓ વડાલા પાટીયા પાસે આવેલ અમંતા ફાર્મા કું.માં નોકરી કરુ છુ.તેઓ ધો.૧૦ સુધી ભણેલા છે. બનાવ તા. ૨૪/૧૦/૨૦૨૩ ના રોજ બનેલો. તે દિવસે મહાકાલી ચોકમાં દશેરાની રાત્રે ગરબાની લાઈનમાં તેમના બહેન નિરાંજલી ઉભી રહેલ હતી. ત્યારે ગામના આરોપીઓ નામે–નરેશભાઈ કનુભાઈ, અરવિંદ અર્જુનભાઈ, વિજય આતાભાઈ, અમૃતભાઈ ચુનીભાઈ, રમેશભાઈ દેવાભાઈ, પ્રવિણભાઈ ભલાભાઈ, ગોપાલભાઈ રાવજીભાઈ, અશ્વિનભાઈ ફતાભાઈનાઓ તેમના કાકાને આવીને કહેવા મંડયા કે સાલા ઢેડાઓ તમે તમારી ઓકાતમાં રહી જાઓ, ગરબાની લાઈનમાંથી તારી છોડીને બહાર કાઢ, આ ગરબાની લાઈન ઠાકોરોની છે, તમે તમારી ઓકાતમાં રહી,સાલાઓ ઢેડા ઓ તમારાથી ગરબા ના ગવાય. આ બધુ સાંભળીને તેમની બહેન ગરબાની લાઈનમાંથી બહાર આવીને તેમના કાકાને કહેલ કે તેણીને ઉંઘ આવે છે જેથી તેમના કાકા તથા બહેન ઘરે જતા રહયા. બાદમાં રાત્રે આશરે એક થી દોઢ ના સમયમાં તેઓ ગરબાની લાઈનમાં ગાવા ગયો. તા. ૨૫/૧૦/૨૦૨૩ ની સવારે ચાર વાગ્યાની આસપાસ તેમને નરેશભાઈ કનુભાઈએ આવીને ફેંટ ઝાલીને કહેલ કે, સાલા ઢેડા તને કોને પરમીશન આપી હતી ગરબાની લાઈનમાં જોડાવાની અને તેમને કાન ઉપર લાફા મારેલા. નરેશભાઈ કનુભાઈનું ઉપરાણું લઈને અરવિંદભાઈ અરજણભાઈ આવેલા અને તેઓ પણ

તેમને લાફા મારવા લાગેલા. વિજયભાઈ આતાભાઈ, અમૃતભાઈ ચુનીભાઈએ બંનેએ આવીને તેમને પીઠના ભાગે માર મારેલો. એટલામાં તેમના કાકા સતીષભાઈ મોતીભાઈ પરમારનાઓ સાંભળીને આવી ગયેલા. તેમના નરેન્દ્રભાઈ પણ આવી ગયેલા અને તેમને વધુ મારમાંથી બચાવેલા. રમેશભાઈ દેવાભાઈએ એવી ધમકી આપેલી કે, સાલા ઢેડાઓ ચોક વચ્ચેથી નીકળે તો વાઢી નાંખવાના. બાદમાં તેમના ભાઈએ ગામના સરપંચ ગોપાલભાઈ રાવજીભાઈ ચૌહાણને ચાર થી પાંચ ફોન કરેલા પરંતુ સરપંચે ફોન ઉપાડેલા નહી. પછી સવારે તેઓ ખેડા પો.સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલા. સદર ફરીયાદી આંક:૨૨ થી અસલ ફરીયાદ રજુ કરી તેમાં ફરીયાદી તરીકે પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. તથા આંક:૨૩ થી જાતિનું પ્રમાણપત્ર રજુ કરી તે ફરીયાદ કરતા સમયે પોલીસને આપેલાનું જણાવી,પ્રમાણપત્રમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે તેમજ આરોપીઓને નામદાર કોર્ટ રૂબરૂ ઓળખી બતો છેઈ

(૧૦.૧) જયારે,આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર ફરીયાદી એ વાત ખરી હોવાનું જણાવે છે કે,તેમનો જન્મ આ જ ગામમાં થયેલ છે. એ વાત ખરી છે કે, ગામની ૧૨૦૦ આસપાસની વસ્તી હશે. એ વાત ખરી છે કે, દર વર્ષે મહાકાલી મંદીરમાં ગરબા થાય છે. એ વાત ખરી છે કે, ગરબા ગાવા માટે ૩૦૦ થી વધુ લોકો આવે. એ વાત ખરી છે કે, ગરબા ગાવાવાળી જગ્યાએ સ્વયં સેવકો હોય. એ વાત ખરી છે કે, સ્વયં સેવકો ગરબા બરાબર ચાલે છે તેવુ સ્ટેજ ઉપરથી જોતા હોય છે. એ વાત ખરી છે કે, તા.

૨૪/૧૦/૨૦૨૩ ના રોજ તેઓ ગરબા ગાવા એક દોઢ વાગે જોડાયેલો અને સવારના ચાર વાગ્યા સુધી ગરબા રમતા હતા. એ વાત ખરી છે કે, તેઓ ગરબા ગાતા હતા તે દિવસે અને સમયે આશરે ચારસો પાંચસો માણસો ગરબા સ્થળ ઉપર હતા. એ વાત ખરી છે કે, ગરબા ગાતી વખતે એક રાઉન્ડ ફરતા લગભગ વીસેક મિનીટ લાગે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ફકત ઠાકોર જ્ઞાતિના જ લોકો ગરબા ગાય અને તેમની જ્ઞાતિ માંથી તેઓ એકલા જ ગરબા ગાતા હતા. તેમની બહેન નિરાંજલી હાલમાં આઠમા ધોરણમાં ભણે છે. એ વાત ખરી નથી કે, બનાવ બન્યાના પાંચ દિવસ સુધી તેઓએ કોઈ ફરીયાદ કરેલી નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તા. ૨૫/૧૦/૨૦૨૩ ના રોજ ફરીયાદ કરવા તેઓ તથા તેમના ભાઈ ફરીયાદ કરવા ગયેલા ત્યારે ફરીયાદ જલ્દી લીધેલ નહી અને સમાધાનની વાત કરતા હતા અને અમને ધકકા ખવડાવેલા અને ચાર દિવસ સુધી પો.સ્ટેશનની બહાર બેસાડી રાખેલા. એ વાત ખરી છે કે, તેમની ફરીયાદમાં ફરીયાદ મોડી લખવા બાબતે ઉપરોકત જણાવેલી હકીકત લખાવેલ નથી. એ વાત ખરી છે કે,બનાવ બન્યાના બીજા દિવસે તેમના ગામમાં ફળિયામાં તેમના સમાજના લોકો ભેગા થયેલા. એ વાત ખરી નથી કે, આ ફરીયાદ શું કરવી અને કેવી કરવી તે બાબતની ત્યાં ચર્ચા થયેલી. એ વાત ખરી નથી કે, આ સમાજના લોકો ભેગા થયેલા તેઓની સાથે ચર્ચા કર્યા બાદ ઓગણત્રીસમી તારીખે ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે, તેમની ફરીયાદમાં છેલ્લે એવુ લખાવેલ છે કે, ''અમારા સમાજના આગેવાનોને મળી અમારી સાથે બનેલ

બનાવ બાબતે ચર્ચા કર્યા બાદ ફરીયાદ કરવાનું નકકી કરતા આજરોજ મારા કુટુંબના માણસો સાથે અત્રે ફરીયાદ કરવા આવેલ છુ.'' એ વાત ખરી છે કે, રાજેન્દ્રભાઈ બાલાભાઈ પરમાર તેમના કાકા થાય. નિરાંજલી ગરબા ગાવા ઉભી હતી ત્યારે તેઓ ત્યાં ગરબા સ્થળે હાજર હતો. નિરાંજલીને ગરબા ગાવામાંથી બહાર કાઢી ત્યારે ત્યાં તેઓ હાજર ન હતા, તેમના કાકાએ બીજા દિવસે સવારે કહેલ ત્યારે તેમને ખબર પડેલી.

વધુ ઉલટ તપાસમાં સદર ફરીયાદી એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેમની હાજરીમાં એવુ બનેલુ હોય અને તે હકીકત તેમની રુબરુની ફરીયાદમાં લખાવેલ હોય કે,''મહાકાલી ચોકમાં દશેરાની રાત્રે ગરબાની લાઈનમાં મારા બહેન નિરાંજલી ઉભી રહેલ હતી. ત્યારે ગામના આરોપીઓ નામે-નરેશભાઈ કનુભાઈ, અરવિંદ અર્જુનભાઈ, વિજય આતાભાઈ, અમૃતભાઈ ચુનીભાઈ, રમેશભાઈ દેવાભાઈ, પ્રવિણભાઈ ભલાભાઈ, ગોપાલભાઈ રાવજીભાઈ, અશ્વિનભાઈ ફતાભાઈનાઓ મારા કાકાને આવીને કહેવા મંડયા કે સાલા ઢેડાઓ તમે તમારી ઓકાતમાં રહી જાઓ, ગરબાની લાઈનમાંથી તારી છોડીને બહાર કાઢ.'' તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદમાં '' તમારી ઓકાતમાં રહો'' તેવુ લખાવેલ નથી. એ વાત ખરી છે કે, મેં એક દોઢ વાગ્યાથી ગરબા ગાવાનુ શરુ કરેલુ અને ચાર વાગ્યા સુધી ગરબા ગાયેલા. એ વાત ખરી છે કે, ચાર વાગે તેમને ગરબા ગાવામાંથી સ્વયં સેવકોએ બહાર કાઢેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેમને ફેંટ ઝાલીને લાફા મારીને બહાર કાઢેલો. એ વાત ખરી છે કે, તેઓ

તેમના ગામના વિનુભાઈ મંગળભાઈ ચૌહાણ,ગલાભાઈ છગનભાઈ ડાભી,કાળીદાસ મંગળભાઈ ચૌહાણ અને બાદરભાઈ બબાભાઈ ચૌહાણને પણ ઓળખે છે. તેમને એ વાતની ખબર નથી કે, આ ઉપરોકત ચારેય જણને પોલીસે તેમના સાક્ષી તરીકે લઈ તેઓના જવાબ લીધેલા. એ વાત ખરી છે કે, તેમની સાથે બનાવ બન્યો ત્યારે પ્રવિણભાઈ, ગોપાલભાઈ તથા અશ્વિનભાઈ ફતાભાઈનાઓ બનાવ વખતે હાજર ન હતા. એ વાત ખરી છે કે, બનાવ બન્યો ત્યારે નરેશભાઈ, અરવિંદભાઈ, વિજયભાઈ, અમૃતભાઈ તથા રમેશભાઈનાઓ ગરબા ખાતે સ્વયં સેવક તરીકે હતા. એ વાત ખરી છે કે, ફરીયાદ કરતા પહેલા અમારી જ્ઞાતિના આઠ આગેવાનો સાથે ચર્ચાઓ કરેલી. એ વાત ખરી નથી કે, આ આઠેય જણા સાથે ચર્ચા કરેલી જે ફરીયાદ કર્યાના ત્રણેય દિવસ અગાઉ ચર્ચા કરીને ફરીયાદ કરેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સમાજના આગેવાનો ખેડા પો.સ્ટેશને મારી પાસે ફરીયાદ કરવાની ચર્ચા કરવા આવેલા. સદર ફરીયાદીને સવાલ પુછવામાં આવેલ કે, તમારા કહેવા મુજબ જ્ઞાતિના આઠ માણસો ભેગા થઈ ફરીયાદ કરવા બાબતેની ચર્ચા કરેલી, એ આઠ માણસો કોણ કોણ ? જેના જવાબમાં ફરીયાદી જણાવે છે કે,ચર્ચા કરવા આવેલા ન હતા પરંતુ તે આઠ લોકો પૈકી તેમના સમાજના રાજેન્દ્રભાઈ અંબાલાલ પરમાર, સતિષભાઈ મોતીભાઈ, રજનીભાઈ મોતીભાઈ, ચંદુભાઈ ડાહ્યાભાઈ પરમાર, ધુળાભાઈ રણછોડભાઈ પરમાર, પ્રકાશભાઈ ડાહ્યાભાઈ પરમારનાઓ હતા. એ વાત ખરી છે કે, આંક–૨૨ વાળી ફરીયાદ તેઓએ સહી કર્યા પહેલા વાંચેલી અને પછી સહી કરેલી.

એ વાત ખરી છે કે, આ ફરીયાદ વાંચ્યા બાદ તેમને બરાબર લાગેલી અને તેમના લખાવ્યા મુજબની ફરીયાદ લખેલી. એ વાત ખરી છે કે, આ ફરીયાદમાં લખાવવાની કોઈ વસ્તુ રહી ગયેલી નહી. એ વાત ખરી છે કે, તેઓએ તેમની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' તમારાથી ગરબા ના ગવાય તેવુ કહેલ.'',''આ બધુ સાંભળીને મારી બહેન ગરબાની લાઈનમાંથી બહાર આવીને મારા કાકાને કહેલ કે મને ઉંઘ આવે છે જેથી મારા કાકા તથા મારી બહેન ઘરે જતા રહયા.'' એ વાત ખરી છે કે, તેઓ એ ગોપાલભાઈ સરપંચને ફોન કરેલો અને તેઓએ ફોન ઉપાડેલો નહી જેથી અમને તે બાબતે ખોટુ લાગેલુ કે મદદ કરતા નથી. એ વાત ખરી છે કે, મેં મારી ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે,''પછી સવારે અમો ખેડા પો.સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલા,'' તેમજ '' મને પીઠના ભાગે તથા કાન ઉપર માર મારેલ.'' એ વાત ખરી છે કે, મેં કોઈ સારવારનું સર્ટીફીકેટ પોલીસને આપેલ નહી. એ વાત ખરી છે કે, તેઓ ફરીયાદ કરવા પો.સ્ટે. ગયો ત્યારે તેમની સાથે જ્ઞાતિનું પ્રમાણપત્ર હતુ નહી. એ વાત ખરી છે કે, તા. ૩૦ મી ના રોજ પોલીસે બીજો જવાબ લીધો હતો તે વખતે પણ તેઓએ પોલીસને તેમનું સારવાર સર્ટી. તથા જ્ઞાતિ અંગેનું સર્ટીફીકેટ આપેલુ નહી. એ વાત ખરી છે કે, તેમના તા.૩૦ મી ના જવાબમાં એવુ લખાવેલ નથી કે, ''નિરાંજલીનો બનાવ મારી હાજરીમાં બનેલો.'' ,''અમારા સમાજના આગેવાનોને મળી અમારી સાથે બનેલ બનાવ બાબતે ચર્ચા બાદ મેં

ઉપરોકત ઈસમો વિરુધ્ધ ફરીયાદ આપેલ છે.''

(૧૧) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૨૪ થી સાહેદ : રાજેન્દ્રભાઈ બાલાભાઈ પરમાર (PW-2)** ને સોગંદ પર તપાસેલ છે. સદર સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે,તેઓ તા. ૨૪/૧૦/૨૦૨૩ ના રોજ તેમના ગામમાં મહાકાળીમંદિરના ચોકમાં દશેરાની માંડવી નિમિત્તે ગરબા ચાલતા હતા. ત્યારે તેઓ તથા તેમની દીકરી નિરાંજલી ગરબા ગાવા માટે આવેલા અને તેમની દીકરી નિરાંજલી ગરબા રમવા ગયેલીઈ ત્યારે ગામના ગોપાલભાઈ રાવજીભાઈ ચૌહાણ, પ્રવીણભાઈ ભલાભાઈ રાઠોડ, અરવિંદભાઈ અર્જુનભાઈ ચૌહાણ તથા નરેશભાઈ કનુભાઈ ચૌહાણ, અશ્વિનભાઈ ફતાભાઈ ચૌહાણનાઓ તેમની પાસે આવેલા અને કહેલ કે, તારી દીકરીને ગરબામાંથી બહાર કાઢ. જેથી તેઓએ બહાર કાઢવાની ના પાડતા આ લોકો તેમને ગાળો બોલવા લાગેલા અને કહેતા કે તમે તમારી મર્યાદામાં રહો,ત્યારબાદ વધુ બોલાચાલી થતા તેમની દીકરી ગરબામાંથી બહાર નીકળી ગયેલી અને તેઓ બંને જણ ઘરે જતા રહેલા. બાદમાં બીજા દિવસે જાણવા મળેલ કે, તેમના ભત્રીજા જીતેન્દ્રભાઈ કનુભાઈ પરમાર સાથે પણ ગરબા ગાવાની બાબતમાં માથાકૂટ થયેલી અને ધાક ધમકી મળેલ. જેમાં નરેશભાઈ કનુભાઈ, અરવિંદભાઈ અર્જુનભાઈ,અશ્વિનભાઈ ફતાભાઈ, રમેશભાઈ દેવાભાઈ ગોહિલનાઓએ જીતેન્દ્રભાઈને ગડદાપાટુનો માર મારેલો અને કહેતા કે,તમે નીચી જ્ઞાતિના,તમારાથી અહીંયા ગરબા ના ગવાય, રમેશભાઈ દેવાભાઈ કહેતા કે, સાલા ઢેઢા ગામ વચ્ચેથી નીકળે તો કાપી નાખવાના, આવી માહિતી તેમને મળેલ. આ બનાવ બાબતની ફરિયાદ તેમના ભત્રીજા જીતેન્દ્રભાઈનાઓએ

ફરિયાદ આપેલી, પોલીસે તેમનું નિવેદન લીધેલ, સદર સાહેદ આરોપીઓને નામકોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

**(૧૧.૧)** જયારે, આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર સાહેદ જણાવે છે કે, ફરીયાદી જીતેન્દ્રભાઈ તેમના ભત્રીજા થાય છે અને તેઓ એક જ ગામમાં રહે છે. તેઓ ધો.૧૦ સુધી ભણેલ છે. એ વાત ખરી છે કે, આ કેસ સિવાય બીજા એક એટ્રો. ના કેસમાં જુબાની આપવા આવેલ છે. જે કેસ ભુપતભાઈ ડાભીનો કેસ હતો. તેઓએ તેમના ગામના પટેલ સામે કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે, આ બનાવના પાંચ દિવસ પછી પોલીસે તેમને જવાબ માટે બોલાવતા તેઓ પો.સ્ટે. ગયેલ. એ વાત ખરી છે કે, પોલીસે તેમની પુછપરછ કરેલી. એ વાત ખરી છે કે, તે વખતે આ બનાવની હકીકત પહેલીવાર તેઓએ પોલીસને જણાવેલી. પોલીસે તેમને જીતેન્દ્રભાઈના બનાવ અંગેની પુછપરછ કરેલી. એ વાત ખરી છે કે, તેઓએ પોલીસને એવુ કહેલ કે, ''જીતેન્દ્રભાઈના બનાવ સમયે હું હાજર ન હતો અને આ બનાવની હકીકત મને પાછળથી જાણવા મળેલી છે.'' પોલીસે તેઓ ને જીતેન્દ્રભાઈના બનાવની વિગત કોના ધ્વારા અને કયારે જાણવા મળી તેવુ પુછેલુ નહી.એ વાત ખરી છે કે, તેઓ જે જાણતા હતો તે તમામ હકીકત પોલીસને લખાવેલી હતી કોઈ હકીકત લખાવવાની રહી ગયેલ નથી. એ વાત ખરી છે કે, તેઓ નિરાંજલીને પોલીસ પાસે લઈ

ગયા હતા. નિરાંજલી ધો.૭ માં ભણે છે. પોલીસે નિરાંજલીની પુછપરછ કરેલી હોય તેવુ બનેલ નથી. ફરીયાદી જીતેન્દ્રભાઈ તેમને બીજા દિવસે સાંજે સાડા ચાર વાગે મળેલા. એ વાત ખરી છે કે, તેમના બંને વચ્ચે ચર્ચા થયેલી. તેમની જ્ઞાતિના માણસોને ભેગા કરેલા નહી. નિરાંજલીના બનાવની ખબર બીજા દિવસે ગામમાં ખબર પડેલી નહી. એ વાત ખરી છે કે, ગામના લોકોની તા.૩૦ મી ના રોજ નિરાંજલીના બનાવની ખબર પડેલી.

(૧૨) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૨૫ થી સાહેદ : સતીષભાઇ મોતીભાઇ પરમાર (PW-3)** ને સોગંદ પર તપાસેલ છે. સદર સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે, ગયા દશેરા ઉપર તેમના ગામમાં માતાજીના ગરબા ચાલતા હતા તે વખતે તેઓ ગરબા જોવા માટે ગયેલ ત્યાં જીતેન્દ્રભાઈ કનુભાઈને કોઈ ઝઘડો થયો હોય તેવુ તેમને ખબર નથી. બનાવ બન્યો ત્યાં તેઓ હાજર ન હતો. તેમના ગામના નરેશભાઈ કનુભાઈ ચૌહાણનાઓ આ જીતેન્દ્રભાઈને કોઈ જાતિ વિષયક અપશબ્દો બોલેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નહી, બનાવ વિશે તેઓ કશુ જાણતા નથી. પોલીસે તેમનું નિવેદન લીધેલ નહી. આરોપીઓ તેમના ગામના હોય તેઓને ઓળખતા હોવાનું જણાવે છે. આમ, સદર સાહેદ તેમની સરતપાસમાં આંક:૨૨ થી રજુ ફરીયાદની હકીકતને તથા પોતાના પોલીસ નીવેદનની હકીકતોને સમર્થન કરેલ ન હોય તેઓને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ ફરીયાદપક્ષે થયેલ ઉલટ તપાસમાં પણ ફરીયાદ તથા પોલીસ નીવેદનની હકીકતને સમર્થન કરી ગયેલ

નથી. જયારે,બચાવપક્ષે સદર સાહેદની ઉલટ તપાસ થયેલ નથી.

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૨૭** થી સાહેદ : **નરેન્દ્ર ઉર્ફે કાળો કનુભાઇ પરમાર (PW-4)** ને સોગંદ પર તપાસેલ છે. સદર સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે,ગઈ તા. ૨૪/૧૦/૨૦૨૩ ના રોજ દશેરાનો તહેવાર હતો અને ગામમાં ગરબા હતા ત્યારે તેમનો ભાઈ જીતેન્દ્ર ગરબા ગાવા માટે ગયેલો ત્યારે અરવિંદભાઈ અર્જુનભાઈ ચૌહાણ, વિજયભાઈ આતાભાઈ ચૌહાણ, નરેશભાઈ કનુભાઈ ચૌહાણ, રમેશભાઈ દેવાભાઈ ચૌહાણ, અમૃતભાઈ ચુનીભાઈનાઓએ ગરબાની લાઈનમાંથી મારા ભાઈ જીતેન્દ્રભાઈને મારઝૂડ કરી બહાર કાઢેલા અને રમેશભાઈ દેવાભાઈનાઓએ કહેલ કે, "આમને ઢેઢાઓને ગામમાં નહીં પેસવા દેવાના પેસે તો વાઢી કાઢવાના." બાદમાં ગામના બધા લોકો આવેલા અને આ બધું મૂકો તમારે સવારમાં જે કરવું હોય તે કરજો. જેથી તેઓ ઘરે જતા રહેલા અને તેઓએ સરપંચને બે ફોન કરેલા પરંતુ તેઓએ ફોન ઉપાડેલા નહીં જેથી પો. સ્ટેશનમાં ૧૦૦ નંબર ઉપર ફોન કરતા ફોન ઉપાડેલ નહીં. ત્યારબાદ તેઓ ઘરે જતા રહેલા અને તા. ૨૫/૧૦/૨૦૨૩ ના રોજ સવારમાં ફરિયાદ લખાવવા ગયા ત્યારે ફરિયાદ લખતા ન હતા. ત્યારબાદ જ્ઞાતિ અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટે તેઓએ પ્રયત્ન કરેલો જે પ્રમાણપત્ર તા. ૨૯/૧૦/૨૦૨૩ ના રોજ મળેલું. બનાવની ફરિયાદ તેમના ભાઈ જીતેન્દ્રનાઓએ આપેલી. પોલીસે તેમનું નિવેદન લીધેલું. સદર સાહેદ આરોપીઓને નામકોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

(૧૩.૧) જયારે,આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર સાહેદ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, તેમનો ભાઈ ગરબામાં રાત્રે દોઢ વાગે રમવા ગયેલો અને સવારના ચાર વાગ્યા સુધી ગરબા રમેલો. તેઓ ગરબામાં ન હતો પરંતુ તેઓ ગામમાં હતા. એ વાત ખરી છે કે, આ બોલાચાલીની ખબર પડતા તેઓ ગરબા સ્થળે

ગયેલો. તેઓને તેમના કાકા સતિષભાઈએ ફોન કરતાં તેમને બનાવની ખબર પડેલી. એ વાત ખરી છે કે, સતિષભાઈએ તેમને કહેલ કે, આ લોકોને બોલાચાલી થયેલ છે અને જીતેન્દ્રભાઈને ગરબામાંથી બહાર કાઢેલા છે. તેઓએ રાત્રે ૧૦૦ નંબર પો.સ્ટે. ફોન કરેલો. એ વાત ખરી છે કે, પોલીસે બનાવના પાંચ દિવસ બાદ તેમનો જવાબ લીધેલો. એ વાત ખરી છે કે, તેઓ જે જાણતા હતા તે પોલીસને લખાવેલુ અને પોલીસે તે મુજબ લખી લીધેલુ. એ વાત ખરી છે કે, તેમના જવાબમાં તેઓએ ૧૦૦ નંબર ઉપર ફોન કરેલાનું મારા જવાબમાં લખાવેલ નથી., "તા.૨૫/૧૦/૨૦૨૩ ના રોજ સવારમાં ફરીયાદ લખાવવા ગયા ત્યારે ફરીયાદ લખતા ન હતા.'' એ વાત ખરી છે કે, તેઓએ તેમના પોલીસ જવાબમાં એવું લખાવેલ નથી કે, ''બાદમાં ગામના બધા લોકો આવેલા અને આ બધુ મુકો તમારે સવારમાં જે કરવુ હોય તે કરજો.'',''સવારમાં ફરીયાદ લખાવવા ગયા ત્યારે ફરીયાદ લખતા ન હતા. ત્યારબાદ જાતિ અંગેનું પ્રમાણપત્ર મેળવવ માટે અમોએ પ્રયત્ન કરેલો જે પ્રમાણપત્ર તા.૨૯/૧૦/૨૦૨૩ ના રોજ અમોને મળેલુ.'' એ વાત ખરી છે કે, ફરીયાદી જીતેન્દ્રભાઈ તેમના ભાઈ થાય છે. એ વાત ખરી છે કે, બનાવ બન્યો તેના બીજા દિવસે તેમની જ્ઞાતિ માણસો ભેગા થયેલા અને બધાએ ચર્ચા કરેલી અને બે દિવસ બાદ ફરીથી બધા ભેગા થયેલા અને શું ફરીયાદ કરવી તે બાબતની ચર્ચા થયેલી અને ૨૯ મી તારીખે તેમના ભાઈએ ચર્ચા થઈ તે મુજબ ફરીયાદ આપેલી. એ વાત ખરી કે, તેમનો ભાઈ નિયમ પ્રમાણે ગરબા ગાતો ન હોવાથી તેને સેવકોએ ટોકેલો અને જેથી તેમના ભાઈને ખોટુ લાગતા જાતે બહાર નીકળી ગયેલો.

**(૧૪)** ત્યારબાદ ફરીયાદપક્ષે ફરીયાદપક્ષે **આંક:૩૧** થી સાહેદ : **ગલાભાઈ છગનભાઈ પરમાર (PW- 5)** ને સોગંદ પર તપાસેલ છે. સદર સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે,તા.

૨૪/૧૦/૨૦૨૩ ના રોજ તેમના ગામમાં મહાકાળી માતાના મંદિરની સામે દશેરાની માંડવી નિમિત્તે ગરબા હતા. તે વખતે તેઓ પણ ગરબા જોવા માટે ચોકમાં ગયેલ હતા. તેમના ગામના અન્ય આગેવાનો પણ ગરબામાં હતા. તેઓ સવારના સાડા ચારેક વાગ્યા સુધી રોકાયેલા હતા. તેમના ગામમાં યોજવામાં આવેલ માંડવી નિમિત્તેના ગરબામાં તમામ જ્ઞાતિના લોકો ગરબા રમવા આવેલા અને ગામમાં તમામ જ્ઞાતિના લોકો કોઈપણ પ્રકારના ભેદભાવ સિવાય ગરબા રમતા હોય છે. ગરબા દરમિયાન અંદરો અંદર કોઈ ઝઘડો ના થાય તે માટે દેખરેખ રાખવા માટે અમારા ગામના કેટલાક માણસો સ્વયંસેવકો તરીકે સેવા આપે છે અને જો કોઈ લાઈનમાં વ્યવસ્થિત ગરબા ના રમે અથવા અન્ય બોલાચાલી કે ઝઘડો કરે તો તેને ગરબામાંથી બહાર કાઢી મુકતા હોય છે. તે દિવસે ગરબામાં અમારા ગામના જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતોનાઓ પણ ગરબા રમતા હતા. તેઓ નિયમાનુસાર રમતા ન હોવાથી તેમના ગામના સ્વયંસેવકો પૈકી નરેશભાઈ કનુભાઈ ચૌહાણ, અરવિંદભાઈ ચૌહાણ, વિજયભાઈ ચૌહાણ, અમૃતભાઈ ચૌહાણનાઓ તેમને લાઈનમાં ગરબા રમવા માટે જણાવતા હતા જેથી આ જીતેન્દ્રભાઈનાઓ એકદમ ઉશ્કેરાઈ ગયેલા અને તેઓની સાથે સામાન્ય બોલાચાલી થયેલી. પોલીસે બનાવ બાબતે તેમનું નિવેદન લીધેલું. સદર સાહેદ આરોપીઓને નામકોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

**(૧૪.૧)** જ્યારે,આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર સાહેદ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, બનાવના દિવસે તેમની સાથે વિનુભાઈ મંગળભાઈ તથા કાળીદાસ મંગળભાઈનાઓ પણ ગરબામાં હાજર હતા. એ વાત ખરી છે કે, તેઓ પણ રાત્રીના અગિયાર થી સવારના ચારેક વાગ્યા સુધી તેમની સાથે હતા અને તેઓએ પણ જીતેન્દ્ર ઉર્ફે જીતાને સમજાવેલા હતા. એ વાત ખરી છે કે, જીતુભાઈ જાતે ગરબામાંથી નીકળી ગયેલા હતા. એ વાત ખરી છે

કે, જીતુભાઈ સાથે બોલાચાલી કે કશું બનેલ નથી. એ વાત ખરી છે કે, તેઓએ જે જુબાની આપી તે મુજબ જ પોલીસમાં તેમનો જવાબ લખાવેલ હતો.

(૧૫) ફરીયાદપક્ષે આંક:૩૫ થી તપાસાયેલ સાહેદ : સ્નેહરશ્મિ ચીમનભાઇ સોલંકી **(પી.ડબલ્યુ.નં.૬)**તેમની સરતપાસમાં જણાવે છે કે,તેઓ તાલુકા પંચાયત કચેરી, ખેડા ખાતે આસી. ટી. ડી. ઓ. તરીકે ફરજ બજાવે છે. તેમની કચેરી તરફથી તા. ૦૨/૧૧/૨૦૧૩ ના રોજ જીતેન્દ્રભાઈ કનુભાઈ વણકર, રહે. વાસણા ખુર્દ, તા. જી. ખેડાના રહેવાસીનાઓએ તેમની કચેરીમાં જ્ઞાતિ અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટે તા. ૦૧/૧૧/૨૦૨૩ ના રોજ અરજી કરેલી. તેની સાથે શાળા છોડ્યાના પ્રમાણપત્રની ખરી નકલ પુરાવા તરીકે રજૂ કરેલ તથા નરેન્દ્રભાઈ કનુભાઈ પરમારનાઓની શાળા છોડ્યાના પ્રમાણપત્ર, જ્ઞાતિના પ્રમાણપત્રની ખરી નકલ પુરાવા તરીકે રજૂ કરેલ. જીતેન્દ્રભાઈનું આધારકાર્ડ, ચૂંટણી કાર્ડ, નરેન્દ્રભાઈનું આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ, જન્મનું પ્રમાણપત્ર જે તમામની ખરી નકલ, પરમાર જશવંતભાઈ ચીમનભાઈના શાળા છોડ્યાનો દાખલાની ખરી નકલ, જીતેન્દ્રભાઈ કનુભાઈ પરમારના પેઢીનામાની તથા સોગંદનામાની ખરી નકલ સંયુકત રીતે આંક:૩૬ થી રજૂ કરેલ છે. સદર સાહેદ આંક-૨૩ વાળા પ્રમાણપત્ર તેમની કચેરી તરફથી ઈસ્યુ થયાનું જણાવી તેમાં તાલુકા વિકાસ અધિકારી તરીકે પ્રજાપતિ સાહેબની સહી હોવાનું ઓળખી બતાવે છે.

(૧૫.૧) **જ્યારે,આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં** સદર સાહેદ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, પ્રમાણપત્ર માટેની જે અરજી કરેલી તે તા. ૦૧/૦૧/૨૦૨૩ ની હતી. એ વાત ખરી છે કે, આ સર્ટી. સૌપ્રથમવાર મેળવવા માટેની અરજી છે. તેઓ તા. ૦૧/૦૯/૨૦૨૪ ના રોજથી આસી. ટી.ડી.ઓ., તાલુકા પંચાયત કચેરી, ખેડા ખાતે ફરજ બજાવે છે. એ વાત ખરી છે કે, આંક-૨૩ વાળુ સર્ટી ઈસ્યુ કરેલ જે તેમના દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ નથી.

એ વાત ખરી છે કે, આ સર્ટી. ઈસ્યુ કરતા પહેલા તેમના રજીસ્ટરમાં નોંધ થાય છે. એ વાત ખરી છે કે, આવું કોઈ રજીસ્ટર તેઓએ આજરોજ રજુ કરેલા દસ્તાવેજો સાથે સામેલ રાખેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, સદર રજીસ્ટર તેમના ઓફીસ રેકર્ડમાં આવેલ છે. એ વાત ખરી છે કે, તેઓએ દસ્તાવેજોના આધારે જુબાની આપેલ છે. એ વાત ખરી છે કે, જાતિ પ્રમાણપત્ર ઈસ્યુ કરવા માટે સમાજ કલ્યાણ વિભાગ છે.

(૧૬) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૩૮ થી પોલીસ સાહેદ : હીદાયતુલ્લાખાન દલેલખાન પઠાણ (PW-7)** ને સોગંદ પર તપાસેલ છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તા. ૨૯.૧૦.૨૦૨૩ ના રોજ ખેડા ટાઉન પો. સ્ટે. ખાતે પી. એસ. ઓ. તરીકે પોતાની ફરજ ઉપર હાજર હતા દરમિયાન આ કામના ફરિયાદી જીતેન્દ્રભાઈ ઉર્ફે જીતો કનુભાઈ વણકર (પરમાર) રહે. વાસણા ખુર્દ, તા. જી. ખેડાનાઓની ફરિયાદ તેમના લખાવ્યા મુજબ લખી લીધેલી અને સદર ફરિયાદ ઉપર તેમની સહી તથા રૂબરૂમાં તેઓએ સહી કરેલી. સદર ફરિયાદ લીધા બાદ સ્ટેશન ડાયરીના પાના નં. ૪૩, અનુક્રમ નં. ૧૩ થી ખેડા ટાઉન, ગુના રજી. નં. ૬૨૯/૨૦૨૩, ઈ. પી. કો કલમ ૧૪૩, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એક્ટની કલમ –૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) મુજબની ફરિયાદ સ્ટેશન ડાયરીમાં નોંધેલ હોવાનું જણાવી આંક–૩૯ થી સ્ટેશન ડાયરીની ખરી નકલ રજૂ કરી ગયા છે. સદર સાહેદ આંક–૨૨ વાળી ફરિયાદ જોઈ જણાવે છે કે, સદર ફરિયાદ તેમના રૂબરૂની લેવામાં આવેલ તે જ છે. સદર ગુનો રજીસ્ટર્ડ કર્યા બાદ એટ્રોસીટી એક્ટ હેઠળનો હોય આગળની તપાસ ડી. વાય. એસ. પી. શ્રી, એસ. ટી. એસ. સી. સેલ, શ્રી વી. એન. સોલંકીનાઓ તરફ મોકલી આપેલી.

(૧૬.૧) જયારે,આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર પોલીસ

સાહેદ એ વાત ખરી હોવાનું જણાવે છે કે, બનાવ તા.૨૫.૧૦.૨૩ ના રોજ બનેલો અને તેની ફરીયાદ તા.૨૯.૧૦.૨૩ ના રોજ આપેલી. એ વાત ખરી છે કે ફરીયાદ મોડી આપવા બાબતે કોઈ ખુલાસો આપેલ નહી. એ વાત ખરી છે કે તારીખ ૨૫ થી ૨૯ દરમ્યાન ફરીયાદી આવતા હોય અને ફરીયાદ લીધી ના હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદમાં જણાવ્યા મુજબ સમાજના આગેવાનો ભેગા થયેલા, ચર્ચા કરેલી અને પછી ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે નીરાંજલીબેનનો બનાવ બન્યો ત્યારે ફરીયાદી હાજર ન હતા. એ વાત ખરી છે કે બીજા લોકોના કહેવાથી હકિકત જાણવા મળેલી.

(૧૭) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૪૦** થી **પંચસાહેદ : ચંદુભાઈ ડાહ્યાભાઈ પરમાર (PW-8)** તથા **આંક:૪૨** થી **પંચસાહેદ : ધુળાભાઈ રણછોડભાઈ પરમાર (PW-9)** ને સોગંદ પર તપાસેલા છે. સદર પંચસાહેદો બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદો છે. સદર બંને પંચસાહેદો તેમની સરતપાસમાં આંક:૪૧ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામામાં પોલીસે તેઓની સહી લીધેલ, તે સિવાયની કોઈ જ હકીકતને સમર્થન કરી ગયેલ ન હોય સદર બંને પંચસાહેદોને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે થયેલ ઉલટ તપાસમાં પણ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. બચાવપક્ષે બંને પંચસાહેદની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૧૮) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક–૪૪** થી **ત.ક.અમલદાર વિક્રમસિંહ નરેન્દ્રસિંહ સોલંકી (PW-10)** ને સોગંદ પર તપાસેલ છે. તેઓ તેમની સરતપાસમાં જણાવે છે કે, તેઓ તા. ૨૯.૧૦.૨૦૨૩ ના રોજ ડી. વાય. એસ. પી. કપડવંજ તરીકે હાજર હતા ત્યારે ખેડા

ટાઉન પો. સ્ટે. ગુ. ર. ૬૨૯/૨૩, ઇ. પી. કો. કલમ –૧૪૩, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ અને એટ્રોસીટી એક્ટની કલમ ૩(૧)(આર)(એસ), ૩(૨) (૫–અ) મુજબના ગુનાની ફરિયાદ અ. હે. કો. એચ. ડી. પઠાણ રૂબરૂની ફરિયાદી જીતેન્દ્ર ઉર્ફે જીતો સ/ઓ કનુભાઈ વણકરનાઓની રજીસ્ટર્ડ થયેલ, જેની તપાસ કરવા પોલીસ અધિક્ષકશ્રીનાઓએ તેઓને હુકમ કરતા તેઓએ ગુનાની તપાસ સંભાળી લીધેલી. ગુનાની ફરિયાદ જોતા ફરિયાદી નાઓએ આરોપીઓની વિરુદ્ધ ફરિયાદ આપેલી. તેઓએ ગુનાની તપાસના કામે બનાવવાળી જગ્યાનું પંચનામું સ્વતંત્ર પંચોની હાજરીમાં પંચોના લખાવ્યા મુજબ કરેલ. આંક–૨૨ થી રજૂ ફરિયાદ તથા આંક–૨૩ વાળું ફરિયાદીનું જ્ઞાતિનું પ્રમાણપત્ર તેઓને તપાસના કામે મળેલ. ગુનાની તપાસના કામે તેઓએ આ કામે ફરિયાદીશ્રીનું વિશેષ નિવેદન લીધેલું. તેમજ આ કામે લાગતાવળગતા સાહેદો રાજેન્દ્રભાઈ બાલાભાઈ પરમાર, સતીષભાઈ મોતીભાઈ પરમાર, નરેન્દ્રભાઈ કનુભાઈ પરમાર વિગેરેનાઓનું નિવેદન તેમના લખાવ્યા મુજબના લખી લીધેલ. તેમની તપાસ દરમિયાન આરોપીઓને અટક કરવા પૂરતો પુરાવો હોય આરોપીઓને અટક કરી અને નામ. કોર્ટમાં રજૂ કરેલા, તેમજ આરોપીઓ વિરુદ્ધ નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ. સદર ત.ક. અમલદાર આરોપીઓને નામદાર કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

જયારે,આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર ત.ક.અમલદાર એ વાત ખરી હોવાનું જણાવે છે કે, ગુનો તા.૨૫.૧૦.૨૦૨૩ નો છે જ્યારે ફરીયાદ તા.૨૯.૧૦.૨૦૨૩ની છે. એ વાત ખરી નથી કે પાંચ દિવસ મોડી ફરીયાદ આપવા બાબતે કોઇ ખુલાસો નથી. એ વાત ખરી છે કે સદરહુ ખુલાસામાં એવુ જણાવેલ છે કે "અમારા સમાજના આગેવાનોને મળી અમારી સાથે બનેલ બનાવ બાબતે ચર્ચા કર્યા બાદ ફરીયાદ કરવાનુ નક્કિ કરતા આજરોજ મારા કુટુંબના માણસો સાથે અત્રે ફરીયાદ કરવા આવેલ

છું." એ વાત ખરી છે કે મારી તપાસમાં એવી કોઇ હકિકત ખુલેલ નથી કે પોલીસે સમાધાનની વાતો કરી ધક્કા ખવડાવેલ, પોલીસ સ્ટેશનની બહાર બેસાડી રાખેલા અને ફરીયાદ લીધેલ નહી." એ વાત ખરી છે કે નીરાંજલીનો જે બનાવ બન્યો તે સમયે ફરીયાદી ત્યાં હાજર ન હતા. એ વાત ખરી છે કે ફરીયાદી જીતેન્દ્ર સાથે જે બનાવ બન્યો ત્યારે નીરાંજલીના પિતા રાજેન્દ્રભાઇ અને નીરંજલી ત્યાં હાજર ન હતા. એ વાત ખરી છે કે, સાહેદ ગલાભાઇ છગનભાઈ ડાભી, વિનુભાઇ મંગળભાઇ ચૌહાણ, કાળીદાસ મંગળભાઈ ચૌહાણ, બાદરભાઇ બબાભાઇ ચૌહાણ વિગેરેના નિવેદન અમોએ લીધેલા. એ વાત ખરી છે કે આ ચારેય સાહેદોએ એક સરખી વિગત લખાવેલી. એ વાત ખરી છે કે આ ચારેય સાહેદમાંથી કોઇએ પણ ફરીયાદમાં જણાવેલ આક્ષેપોને સમર્થન આપેલ નહી. એ વાત ખરી છે કે તમામ જ્ઞાતીના તેઓની સાથે અથવા તેમના ફળીયાના અન્ય કોઈ વ્યક્તિ સાથે ગરબા બાબતે કોઇ બોલાચાલી કે ઝગડો તકરાર કરેલ નથી. એ વાત ખરી છે કે, નીરાંજલીની ઉમર ૧૧ વર્ષની છે, તેનુ કોઇ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, નીરાંજલિને ગરબામાંથી કાઢી મુકિ હોય તે સબંધે કોઇ નજરે જોનાર સાહેદ નથી. એ વાત ખરી છે કે હાલના બનાવમાં કોઇએ સારવાર લીધેલ હોય તેવુ બનેલ નથી.

*** ફરીયાદપક્ષના પુરાવાનું <u>મુલ્યાંકન</u> ***

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા</u>:-**

(૧૯) આમ,ઉપરોકત રજુ થયેલ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે ફરીયાદ આપનાર મહત્વના કહી શકાય તેવા **ફરીયાદી : જીતેન્દ્રભાઇ કનુભાઇ પરમાર** તેમના <u>આંક:૨૧</u> ના પુરાવાની સરતપાસમાં <u>આંક:૨૨</u> થી રજુ ફરીયાદની હકીકતને સમર્થન

કરવાનો પ્રયત્ન કરેલ છે. જયારે,આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર ફરીયાદી એ હકીકત સ્વીકારે છે કે, તા.૨૪/૧૦/૨૦૨૩ ના રોજ તેઓ ગરબા ગાવા એક દોઢ વાગે જોડાયેલો અને સવારના ચાર વાગ્યા સુધી ગરબા રમતા હતા તથા તેઓ ગરબા ગાતા હતા તે દિવસે અને સમયે આશરે ચારસો પાંચસો માણસો ગરબા સ્થળ ઉપર હતા. એ વાતનો ફરીયાદીએ ઈન્કાર કરેલ છે કે, બનાવ બન્યાના પાંચ દિવસ સુધી તેઓએ કોઈ ફરીયાદ કરેલી નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તા. ૨૫/૧૦/૨૦૨૩ ના રોજ ફરીયાદ કરવા તેઓ તથા તેમના ભાઈ ફરીયાદ કરવા ગયેલા ત્યારે ફરીયાદ જલ્દી લીધેલ નહી અને સમાધાનની વાત કરતા હતા અને અમને ધકકા ખવડાવેલા અને ચાર દિવસ સુધી પો.સ્ટેશનની બહાર બેસાડી રાખેલા. એ વાતનો ફરીયાદી સ્વીકાર કરે છે કે, તેમની ફરીયાદમાં ફરીયાદ મોડી લખવા બાબતે ઉપરોકત જણાવેલી હકીકત લખાવેલ નથી,બનાવ બન્યાના બીજા દિવસે તેમના ગામમાં ફળિયામાં તેમના સમાજના લોકો ભેગા થયેલા, તેઓએ તેમની ફરીયાદમાં છેલ્લે એવુ લખાવેલ છે કે, ''અમારા સમાજના આગેવાનોને મળી અમારી સાથે બનેલ બનાવ બાબતે ચર્ચા કર્યા બાદ ફરીયાદ કરવાનું નકકી કરતા આજરોજ મારા કુટુંબના માણસો સાથે અત્રે ફરીયાદ કરવા આવેલ છુ.'', નિરાંજલીને ગરબા ગાવામાંથી બહાર કાઢી ત્યારે ત્યાં તેઓ હાજર ન હતા, તેમના કાકાએ બીજા દિવસે સવારે કહેલ ત્યારે

તેમને ખબર પડેલી. સદર ફરીયાદી એ વાત નો પણ સ્વીકાર કરેલ છે કે, તેમની હાજરીમાં એવુ બનેલુ હોય અને તે હકીકત તેમની રુબરુની ફરીયાદમાં લખાવેલ હોય કે,''મહાકાલી ચોકમાં દશેરાની રાત્રે ગરબાની લાઈનમાં મારા બહેન નિરાંજલી ઉભી રહેલ હતી. ત્યારે ગામના આરોપીઓ નામે–નરેશભાઈ કનુભાઈ, અરવિંદ અર્જુનભાઈ, વિજય આતાભાઈ, અમૃતભાઈ ચુનીભાઈ, રમેશભાઈ દેવાભાઈ, પ્રવિણભાઈ ભલાભાઈ, ગોપાલભાઈ રાવજીભાઈ, અશ્વિનભાઈ ફતાભાઈનાઓ મારા કાકાને આવીને કહેવા મંડયા કે સાલા ઢેડાઓ તમે તમારી ઓકાતમાં રહી જાઓ, ગરબાની લાઈનમાંથી તારી છોડીને બહાર કાઢ.'' તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદમાં '' તમારી ઓકાતમાં રહો'' તેવુ લખાવેલ નથી. એ વાત ખરી છે કે, મેં એક દોઢ વાગ્યાથી ગરબા ગાવાનુ શરુ કરેલુ અને ચાર વાગ્યા સુધી ગરબા ગાયેલા. એ વાત ખરી છે કે, બનાવ બન્યો ત્યારે નરેશભાઈ, અરવિંદભાઈ, વિજયભાઈ, અમૃતભાઈ તથા રમેશભાઈનાઓ ગરબા ખાતે સ્વયં સેવક તરીકે હતા, ફરીયાદ કરતા પહેલા તેમની જ્ઞાતિના આઠ આગેવાનો સાથે ચર્ચાઓ કરેલી. ફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે, સમાજના આગેવાનો ખેડા પો.સ્ટેશને તેમની પાસે ફરીયાદ કરવાની ચર્ચા કરવા આવેલા. એ વાત ખરી છે કે, તેઓએ તેમની ફરીયાદમાં એવી હકીકત લખાવેલ નથી કે, '' તમારાથી ગરબા ના ગવાય તેવુ કહેલ.'',''આ બધુ સાં ભળીને મારી બહેન ગરબાની લાઈનમાંથી બહાર આવીને મારા

કાકાને કહેલ કે મને ઉંઘ આવે છે જેથી મારા કાકા તથા મારી બહેન ઘરે જતા રહયા.'', ''પછી સવારે અમો ખેડા પો.સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલા,'' તેમજ ''મને પીઠના ભાગે તથા કાન ઉપર માર મારેલ.'',''અમારા સમાજના આગેવાનોને મળી અમારી સાથે બનેલ બનાવ બાબતે ચર્ચા બાદ મેં ઉપરોકત ઈસમો વિરુધ્ધ ફરીયાદ આપેલ છે.'' આમ, સદર ફરીયાદીના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, કહેવાતા બનાવ સમયે ચારસો થી પાંચસો માણસો ગરબા રમવા ભેગા થયેલ હતા તેમજ ફરીયાદીએ બનાવ તા.૨૪/૧૦/૨૩ ના રોજ બનેલ જયારે, બનાવની ફરીયાદ તા.૨૯/૧૦/૨૩ ના રોજ આપેલ છે. પરંતુ, ફરીયાદ મોડી કર્યાનો કોઇ સંતોષકારક ખુલાસો ફરીયાદીએ ફરીયાદમાં કે તેમના પુરાવા દરમ્યાન કરેલ નથી. આમ, ફરીયાદ પરત્વે શંકા પ્રવર્તે છે. વળી, ફરીયાદીના સમગ્ર પુરાવાથી ફરીયાદીએ સમાજના આગેવાનો સાથે બનાવ અંગે ચર્ચા કર્યા બાદ ગોઠવીને મોડી ફરીયાદ આપેલાનું જણાય આવે છે. વળી, ફરીયાદીના સમગ્ર પુરાવાથી ફરીયાદમાં તથા પોલીસ નિવેદનમાં લખાવેલ હકીકતોથી વિરૂધ્ધની હકીકત જણાવે છે. વળી, જે બનાવ સંબંધે ફરીયાદીએ હાલની ફરીયાદ આપેલાનું જણાવે છે, તે બનાવ અંગે ફરીયાદીને તેમના કાકા રાજેન્દ્રભાઇએ વાત કરતા તેઓને નિરાંજલી વિશેના બનાવની ખબર પડેલી. ફરીયાદી કહેવાતા બનાવ સમયે બનાવ સ્થળે હાજર પણ ન હોવાનું જણાવે છે. આમ, ફરીયાદી બનાવના હીયર-સે વીટનેશ છે તેમજ બનાવ તેઓએ નજરો નજર પણ જોયેલ નથી. આમ, ફરીયાદીના સમગ્ર પુરાવામાં મહત્વના મુદ્દે મોટો વિરોધાભાસ જણાય આવે છે. આમ, ફરીયાદીની સમગ્ર જુબાની આધારે આંક:૨૨ થી રજુ ફરીયાદની હકીકતો પુરવાર

થતી નથી તેમજ ફરીયાદીનો પુરાવો માનવાલાયક અને વિશ્વાસપાત્ર જણાતો નથી.

(૨૦) ત્યારબાદ **ફરીયાદીના કાકા : રાજેન્દ્રભાઇ બાલાભાઇ પરમાર** તેમના **આંક:૨૪** થી રજુ પુરાવાની સરતપાસમાં આંક:૨૨ થી રજુ ફરીયાદની હકીકતને સમર્થન કરવાનો પ્રયત્ન કરેલ છે. સદર સાહેદની દીકરી નિરાંજલીને ગરબા રમવા ન દેતા, હાલનો કહેવાતો બનાવ બનેલ છે. પરંતુ, સદર સાહેદ તેમની આરોપી તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,આ બનાવના પાંચ દીવસ પછી પોલીસે તેઓને જવાબ માટે બોલાવતા તેઓએ પોલીસને બનાવની હકીકત પહેલીવાર જણાવેલ. આમ, બનાવના પાંચ દીવસ બાદ તેઓએ પોલીસને જાણ કરેલ હોય, સમગ્ર બનાવ પરત્વે શંકા ઉપજે છે. વળી, સદર સાહેદે પોલીસને એવું કહેલ છે કે,જીતેન્દ્રભાઇના બનાવ સમયે તેઓ હાજર ન હતા અને આ બનાવની હકીકત તેઓને પાછળથી જાણવા મળેલ છે. પરંતુ, સદર સાહેદને કોના ધ્વારા બનાવની જાણ થયેલ તે હકીકત તેઓએ પોલીસને જણાવેલ નથી. આમ, સદર સાહેદ બનાવના નજરે જોનાર સાહેદ નથી પરંતુ, હીયર–સે વીટનેશ છે. જેથી પણ સદર સાહેદનો પુરાવો માનવાલાયક જણાતો નથી. સદર કામે પોલીસે જે સાહેદ : નિરાંજલીને લઇને હાલનો બનાવ બનેલ છે, તે ૧૨–૧૩ વર્ષની હોશીયાર છોકરી હોવા છતા, પોલીસે તેનું નિવેદન લીધેલ નથી. જેથી પણ કહેવાતો બનાવ શંકાસ્પદ જણાય છે.

(૨૧) જયારે,**આંક:૨૫** થી તપાસાયેલ સાહેદ **:સતીષભાઇ મોતીભાઇ પરમાર** તેમની કોર્ટ રૂબરૂની સરતપાસમાં આંક:૨૨ થી રજુ ફરીયાદની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય

તેમજ તેઓ બનાવ વિશે કશું જાણતા ન હોવાનું જણાવતા હોય, ફરીયાદપક્ષે સદર સાહેદને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. આમ, સદર સાહેદના પુરાવાથી પણ આ કામના આરોપીઓને ગુનામાં સંડોવી શકાય તેવો પુરાવો પ્રાપ્ત થતો નથી.

(૨૨) જયારે, **આંક:૨૭** થી તપાસાયેલ સાહેદ **:નરેન્દ્ર ઉર્ફે કાળો કનુભાઇ પરમાર** કે જેઓ ફરીયાદીના સગાં ભાઇ થાય છે, તેઓ તેમના પુરાવાની સરતપાસમાં ફરીયાદની હકીકતને સમર્થન કરવાનો પ્રયત્ન કરેલ છે પરંતુ, આરોપી તરફેની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને તેમના કાકા સતીષભાઇએ ફોન કરતા બનાવની ખબર પડેલી. આમ, સદર સાહેદ બનાવના સ્થળે હાજર ન હોય નજરે જોનાર સાહેદ નથી તેમજ બનાવની તેઓને તેમના કાકા સતીષભાઇએ ફોનથી જાણ કરતા ખબર પડેલ છે. આમ, સદર સાહેદ બનાવના હીયર–સે વીટનેશ હોય,તેઓનો પુરાવો માનવાલાયક જણાતો નથી. સદર સાહેદ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં જે હકીકતો લખાવેલ છે, તે હકીકતો પણ લખાવેલ ન હોવાનું ઉલટ તપાસમાં જણાવે છે. આમ, સદર સાહેદની જુબાની તથા પોલીસ રૂબરૂના નિવેદનમાં પણ વિરોધાભાસ પ્રવર્તે છે. તેમજ સદર સાહેદ નરેન્દ્રભાઇ કનુભાઇ પરમારના પુરાવાથી પણ આ કામના ફરીયાદીએ સમાજના આગેવાનો સાથે બનાવના બીજા દીવસે ભેગા મળી, ચર્ચા વિચારણા કરી ૨૯ મી તારીખે ફરીયાદ કરેલાનું પણ રેકર્ડે આવેલ છે. આમ, સદર સાહેદના સમગ્ર પુરાવાથી પણ ફરીયાદીની આંક:૨૨ થી રજુ ફરીયાદ પરત્વે શંકા પ્રવર્તે છે.

(૨૩) જયારે,**આંક:૩૧** થી તપાસાયેલ સાહેદ : **ગલાભાઇ છગનભાઇ ડાભી** તેમના પુરાવાની સરતપાસમાં જ સ્પષ્ટ

જણાવે છે કે,ગરબા દરમ્યાન ફરીયાદી જીતેન્દ્રભાઇ લાઇનમાં નિયમોનુસાર વ્યવસ્થીત ગરબા રમતા ન હોય ગામના સ્વયંસેવકો કે જેઓ આ કામના આરોપીઓ છે,તેઓએ ફરીયાદીને લાઇનમાં ગરબા રમવા માટે જણાવતા,ફરીયાદી જીતેન્દ્રભાઇ નાઓ એકદમ ઉશ્કેરાઇ ગયેલા અને તેઓની સાથે આરોપીઓને સામાન્ય બોલાચાલી થયેલાનું જણાવે છે. તેમજ ફરીયાદીને કોઇએ જાતિવિષયક અપશબ્દો બોલેલ ન હોવાનું તથા આ સિવાય વિશેષ કંઇ બનેલ ન હોવાનું જણાવે છે. જયારે,આરોપીઓ તરફેની ઉલટ તપાસમાં સદર સાહેદ:ગલાભાઇ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓએ ફરીયાદી:જીતેન્દ્રભાઇને સમજાવેલ અને જીતુભાઇ જાતે ગરબામાંથી નીકળી ગયેલ હતા તેમજ જીતુભાઇ સાથે બોલાચાલી કે કશું બનેલ ન હોવાનું જણાવે છે. આમ, સદર સાહેદના પુરાવાથી બનાવનું કારણ : ફરીયાદી જીતેન્દ્રભાઇ નિયમોનુસાર ગરબા રમતા ન હોય, તેઓને લાઇનમાં ગરબા રમવા જણાવતા,ફરીયાદી ઉશ્કેરાઇ જતા હાલનો બનાવ બનેલાનું જણાય છે. આમ,સદર સાહેદના પુરાવાથી પણ હાલના આરોપીઓએ એકસંપ થઇ ફરીયાદીને જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલી, ગાળો બોલી,ગડદાપાટુનો માર મારેલ હોય કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવું બનેલ ન હોવાનું જણાય આવે છે. આમ,સદર સાહેદના પુરાવાથી પણ ફરીયાદની હકીકતને સમર્થન પ્રાપ્ત થયેલ નથી.

(૨૪) જયારે,**આંક:૩૫** થી તપાસાયેલ સાહેદ **: સ્નેહરશ્મિ સોલંકી** તેમના પુરાવા દરમ્યાન **આંક:૨૩** થી રજુ ફરીયાદીના **જાતિના પ્રમાણપત્ર**માં તેમની કચેરીના પ્રજાપતિ સાહેબની સહી હોવાનું તથા સદર પ્રમાણપત્ર તેમની કચેરી તરફથી ઇસ્યુ થયેલાનું જણાવે છે. જયારે,આરોપીઓ તરફેની ઉલટ તપાસ

વંચાણે લેતા, સદર સાહેદે આંક:૨૩ વાળું સર્ટી. ઈસ્યુ કરેલ ન હોવાનું તથા ફરીયાદીની જાતિ અંગેની જે રજીસ્ટરમાં નોંધ થયેલ છે,તે રજીસ્ટરના નોંધણી પેજની નકલ સદર કામે રજુ કરેલ નથી અને તેઓએ દસ્તાવેજો આધારે હાલની જુબાની આપેલ છે. આમ, સદર કામે આંક:૨૩ થી રજુ ફરીયાદીની જાતિનું પ્રમાણપત્ર પુરવાર થયેલ માનવામાં આવે તો, જાતિના પ્રમાણપત્ર ધ્વારા હાલના આરોપીઓએ ગુનામાં શું ભાગ ભજવેલ છે, તેવી કોઈ હકીકત રેકર્ડે આવેલ ન હોય, આરોપીઓને સદર ગુનામાં સાંકળી શકાય નહી.

(૨૫) ત્યારબાદ ફરીયાદપક્ષે **આંક:૩૮ થી તપાસાયેલ ફરીયાદ સંદર્ભેનો ગુનો દાખલ કરનાર પોલીસ સાહેદ : હીદાયતુલ્લાખાન દલેલખાન પઠાણ (પી.ડબલ્યુ.નં.૭)** ને સોગંદ પર તપાસેલા છે. તેઓ તેમની સરતપાસ દરમ્યાન પોતે ફરીયાદ લીધા બાદ ગુનો રજીસ્ટર્ડ કરેલ જે અંગેની સ્ટેશન ડાયરીમાં પાના નં.૪૩,અનુ.નં.૧૩ થી નોંધ કરેલાનું જણાવી આંક:૩૯ થી સ્ટેશન ડાયરીની ખરી નકલ રજુ કરેલ છે. તેમજ આરોપીઓ તર્ફેની ઉલટ તપાસમાં તેઓ એ વાત નો સ્વીકાર કરેલ છે કે,ફરીયાદીએ તા.૨૫/૧૦/૨૩ ના રોજના બનાવની ફરીયાદ તા.૨૯/૧૦/૨૩ ના રોજ આપેલ છે પરંતુ, ફરીયાદ મોડી દાખલ કરવા સંબંધે કોઈ સંતોષકારક ખુલાસો કરેલ નથી તેમજ ફરીયાદી આ સમય દરમ્યાન પોલીસ સ્ટેશન આવતા હોય અને ફરીયાદ લેવામાં આવેલ ન હોય તેવું પણ બનેલ ન હોવાનું જણાવે છે. સદર પોલીસ સાહેદ પણ એ હકીકત સ્વીકારે છે કે,ફરીયાદમાં જણાવ્યા મુજબ સમાજના આગેવાનો ભેગા થયેલા, ચર્ચા કરેલ અને પછી ફરીયાદ આપેલ તેમજ નીરાંજલીબેનનો બનાવ બન્યો ત્યારે ફરીયાદી હાજર ન હતા તથા ફરીયાદીને બીજા લોકોના કહેવાથી નીરાંજલીની હકીકત

જાણવા મળેલ છે. આમ, ફરીયાદીના પુરાવાથી તથા રેકર્ડે રજુ સાહેદોના પુરાવાથી પણ ફરીયાદીએ સમાજના આગેવાનો સાથે ભેગા મળી, ચર્ચા કરી સમજી વિચારી ગોઠવીને મોડી ફરીયાદ આપેલાનું રેકર્ડે આવેલ છે. આમ, સદર પોલીસ સાહેદના પુરાવાથી પણ હાલની ફરીયાદ પરત્વે શંકા પ્રવર્તે છે.

(૨૬) જયારે, **આંક:૪૦** તથા **આંક:૪૨** થી તપાસાયેલ પંચસાહેદોના પુરાવાથી પણ **આંક:૪૧** થી રજુ **બનાવવાળી જગ્યાના પંચનામા**ના પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થયેલ ન હોય, તેઓને પણ ફરીયાદપક્ષે હોસ્ટાઇલ જાહેર કરેલ છે અને આમ,સદર પંચસાહેદો આંક:૪૧ ના પંચનામામાં માત્ર પોતાની સહી હોવાનું ઓળખી બતાવતા હોય, તેઓના પુરાવાથી પણ આંક:૪૧ થી રજુ પંચનામું પુરવાર થયેલ નથી.

(૨૭) જયારે, **આંક:૪૪** થી તપાસાયેલ **ત.ક.અમલદાર વિક્રમસિંહ નરેન્દ્રસિંહ સોલંકી** નાઓ તેમના પુરાવામાં પોતે કરેલ પોલીસ કાર્યવાહીનો ચિતાર સરતપાસ સ્વરૂપે જણાવી ગયા છે. આ પોલીસ સાહેદને બનાવની જાત માહીતી ન હોય બનાવ હકીકત સંદર્ભે સદર પોલીસ સાહેદ માત્ર પોતાની ફરજના ભાગરૂપે ભજવેલ કામગીરીની હકીકત જણાવી ગયા છે. વળી,ગુનાની તપાસ કરનાર પોલીસ અમલદાર તેમની કોર્ટ સમક્ષની ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરી ગયા છે કે, ફરીયાદીએ તા.૨૪/૧૦/૨૩ ના રોજ બનેલ બનાવની ફરીયાદ તા.૨૯/૧૦/૨૩ ના રોજ આપેલ,આમ, પાંચ દીવસ મોડી ફરીયાદ આપવા બાબતે તેઓએ કોઇ ખુલાસો આપેલ નથી તેમજ ફરીયાદી ફરીયાદ આપવા આવ્યા ત્યારે એવી હકીકત જણાવેલ કે, સમાજના આગેવાનો સાથે મળી, ચર્ચા કર્યા બાદ ફરીયાદ કરવાનું નકકી થતા કુંટુંબના માણસો સાથે ફરીયાદ

કરવા આવેલા. આમ, ફરીયાદીએ હાલની ફરીયાદ સમજી વિચારીને ગોઠવીને પાંચ દીવસ જેટલી મોડી આપેલાનું જણાય છે. વળી, સદર ત.ક.અમલદાર એ હકીકતનો પણ સ્વીકાર કરી ગયા છે કે,નીરાંજલીનો બનાવ બન્યો તે સમયે ફરીયાદી ત્યાં હાજર ન હતા અને ફરીયાદી જીતેન્દ્રભાઇ સાથે જે બનાવ બન્યો તે સમયે નીરાંજલીના પિતા રાજેન્દ્રભાઇ અને નીરાંજલી ત્યાં હાજર ન હતા. આમ, સદર કામે ફરીયાદી બનાવના નજરે જોનાર સાહેદ નથી,તેઓને નીરાંજલીના પિતા અને તેમના કાકા રાજેન્દ્રભાઇએ બનાવની હકીકત જણાવતા તેઓએ હાલની ફરીયાદ આપેલ છે. આમ,ફરીયાદી હીયર–સે વીટનેશ હોય તેમના પુરાવાથી આંક:૨૨ થી રજુ ફરીયાદ પુરવાર થતી ન હોવાનું જણાય છે. વધુમાં સદર ત.ક.અમલદાર એ હકીકતનો પણ સ્વીકાર કરે છે કે, તેઓએ લીધેલ સાહેદ:ગલાભાઇ છગનભાઇ ડાભીના,વિનુભાઇ મંગળભાઇ ચૌહાણના, કાળીદાસ મંગળભાઇ ચૌહાણના,બાદરભાઇ બબાભાઈ ચૌહાણના નિવેદનમાં તેઓએ આંક:૨૨ થી રજુ ફરીયાદની હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, બનાવ બનવાનું ચોકકસ કારણ નીરાંજલીને ગરબા રમવાની ના પાડતા બનેલ છે કે, ફરીયાદીને સ્વયંસેવકોએ(હાલના આરોપીઓએ) લાઇનમાં ગરબા રમવા જણાવતા, ઉશ્કેરાઇને ફરીયાદીને હાલની ફરીયાદ આપેલ છે, તે પરત્વે સાહેદોના પુરાવામાં તથા પોલીસ નિવેદનમાં વિરોધાભાસ પ્રવર્તે છે. આમ, સદર તપાસાયેલ ત.ક.અમલદારના પુરાવાથી પણ ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

(૨૮) આમ, સદર કામે રેકર્ડ ધ્યાને લેતા, બનાવમાં જે ભોગ બનનાર બેન નિરંજનાબેન છે, તેઓને તપાસ કરનાર અમલદાર ધ્વારા ચાર્જશીટમાં સ્વતંત્ર સાહેદ તરીકે દર્શાવેલ

નથી તેમજ સદર કામે અન્ય કોઇ સ્વતંત્ર સાહેદનો પુરાવો રેકર્ડે આવેલ નથી. સદર કામે ફરીયાદી તથા ફરીયાદીના કાકા રાજેન્દ્રભાઇ કે જેઓ મહત્વના કહી શકાય તેવા સાહેદ છે પરંતુ, સદર બંને સાહેદોએ બનાવ બનતો નજરો નજર જોયેલ નથી અને તેઓને બનાવની હકીકત પાછળથી જાણવા મળેલાની હકીકત રેકર્ડે આવેલ છે. વળી, ફરીયાદીએ હાલની ફરીયાદ બનાવના પાંચ દીવસ બાદ સમાજના આગેવાનો સાથે ચર્ચા કરી, સમજી વિચારીને ગોઠવીને આપેલાની હકીકત પણ રેકર્ડે આવેલ છે. તેમજ રેકર્ડે તપાસાયેલ પંચસાહેદોના પુરાવાથી આંક:૪૧ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામાને પણ સમર્થન પ્રાપ્ત થયેલ નથી. આમ, સદર કામે રેકર્ડે રજુ ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી પણ ફરીયાદની હકીકતો શંકારહીત પુરવાર થતી ન હોય ત્યારે સદર પોલીસ સાહેદો કે જેઓ ફરીયાદપક્ષે રસ ધરાવતા સાહેદો કહી શકાય, તેઓની જુબાની પર આધાર રાખી આરોપીઓને કસુરવાર ઠરાવવા ન્યાયોચિત જણાતું નથી.

(૨૯) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા,આ કામના આરોપીઓએ બનાવ સમયે અને સ્થળે, એકસંપ થઇ ગેરકાયદેસર મંડળી રચી, ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી, ગડદાપાટુનો માર મારી,ફરીયાદીને શરીરે ઇજાઓ પહોંચાડેલ તથા જાનથી મારી નાંખવાની ધમકી આપી, ઇ.પી.કો.કલમ- ૧૪૩,૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુનાનો આક્ષેપ સાબીત થતો નથી તથા આંક:૨૨ થી રજુ ફરીયાદની હકીકતને પણ સમર્થન પ્રાપ્ત થયેલ નથી. વળી, સદર કામે ફરીયાદી તથા સાહેદો આજની તારીખે પણ પોતાની મુળ જગ્યાએ જ રહેતા હોય, તેઓને આ કામના આરોપીઓ તરફથી

કોઈ ડર કે બીક હોવાનું પણ જણાતું નથી. તેઓ ડર કે બીક વગર પોતાનું રોજીંદું કાર્ય કરે છે. આમ, ફરીયાદી તથા સાહેદોએ તેમની ફરીયાદમાં કે પુરાવામાં આરોપીઓએ તેઓને શું ગાળો બોલેલ તેના ચોક્કસ શબ્દો જણાવેલ નથી અને માત્ર ગાળો બોલેલાનું જણાવેલ છે. આમ, રેકર્ડે તપાસાયેલ તમામ સાક્ષીઓના પુરાવાથી પણ આરોપીઓ દ્ધારા આ કામના ફરીયાદીને ગાળો બોલી, માર મારેલ હોવાની તથા જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાની હકીકતને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થયેલ નથી. આમ, ફરીયાદપક્ષ આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ- ૧૪૩,૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો શંકાથી પર પુરવાર કરેલ ન હોય ત્યારે આરોપીઓને તે મુજબના ગુનાના કામે શંકાનો લાભ આપવો ન્યાયિક જણાય છે. આમ,તપાસાયેલ તમામ સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષઆ કામના આરોપીઓ સામેનો આક્ષેપાયેલ ગુનો શંકારહીત પુરવાર કરી શકેલ ન હોય, આરોપીઓએ ઈ.પી.કો.કલમ- ૧૪૩,૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો આચરેલ છે, તેમ શંકારહીત પુરવાર થતું ન હોય **મુદા નં.૧ નો જવાબ નકારમાં** આપવો ન્યાયોચિત માનું છું.

## મુદા નં.ર ની ચર્ચા :-

(૩૦) વધુમાં આ કામે આરોપીઓ ઉપર આક્ષેપિત અનુસુચીત જાતિ અનુસુચિત જનજાતિ(અત્યાચાર નિવારણ) અધિનીયમની કલમ -૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫-એ) ની જોગવાઈ જોતા, નીચે મુજબ છે.

**Section 3. Punishment for ofences atrocities.**

(1) Whoever, not being a member of a scheduled caste or a scheduled tribe:-

**(R)** intentionally insults or intimidates with intent to humiliate a member of a scheduled Caste or a scheduled Tribe in any place within public view.

**(S)** Abuses any member of a Scheduled Caste or a Scheduled Tribe by caste name in any place within public view;

<u>**Section 3.** Punishment for ofences atrocities.</u>

**(2)** Whoever, not being a member of a scheduled caste or a scheduled tribe:-

**(5-A)** commits any ofence specifed in the Schedule, against a person or property, knowing that such person is a member of a Scheduled Caste or Scheduled Tribe or such punishment as specifed under the Indian Penal Code (45 of 1860) for such ofences and shall also be liable to fine.

(૩૦.૧) આમ,આરોપીઓ સામેના આક્ષેપિત કલમ અન્વયેનો આક્ષેપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એવું પુરવાર કરવું પડે કે, ફરીયાદી અનુસુચીત જાતિના હોવાનું આરોપીઓ પ્રથમથી જ જાણતા હોવા છતાં બનાવ તારીખે, સમયે અને સ્થળે આરોપીએ ફરીયાદીને જાહેરમાં એટલે કે, જાહેર સ્થળે તેની જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી અપમાનીત કરી, આક્ષેપીત કલમ અન્વયેનો ગુનો કરેલો અને તે સંદર્ભે સદરહું આક્ષેપિત કલમની જોગવાઈ ધ્યાને લેતા, એટ્રોસીટી એકટની કલમના મુળ ઘટકોને એ રીતે વર્ગીકૃત કરી શકાય જેમાં (૧) અનુસુચિત જાતિ અથવા અનુસુચિત જનજાતિના સભ્યોને હડધુત કરવાના હેતુથી ઈરાદાપુર્વક અપમાન કરવું, ધમકી આપવી, અપશબ્દો કહેવા સબબના કોઈ કૃત્ય કરવામાં આવેલ હોય, (૨) તેવું કૃત્ય

કોઈપણ સ્થળે જાહેર દૃશ્યમાં કરવામાં આવેલું હોય, આ અધિનિયમની કલમ–૩(ર)(પ–એ) હેઠળનો ગુનો અનુસુચિત જાતિ અથવા અનુસુચીત જનજાતિના સભ્યને હડધુત કરવાના ઈરાદા સાથે ઈરાદાપુર્વક અપમાન કરવું, ધમકી આપવી તેવા ઘટકને સુચવે છે. આ જોગવાઈ બીજો મુખ્ય ઘટક આવા પ્રકારનું કૃત્ય જાહેર દષ્ટિકોણમાં હોવાનું સુચવે છે. આમ, ફરીયાદપક્ષે સદરહું કલમની જોગવાઈઓમાં સમાવિષ્ટ આવશ્યક તત્વો ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવા પડે.

(૩૦.ર) આ સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટના, **Dhiren Prafulbhai Shah vs State Of Gujarat** (reported in 2016 4 GLR 2785)– ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાંત ધ્યાને લેતા, તેમાં જણાવેલ છે કે, :–

**[7.9]** It would also be apt to refer and quote the relevant observations of Hon'ble Gujarat High Court, while dealing with a petition seeking quashing of proceedings in respect of offence under the Atrocities Act. In case titled **Dhiren Prafulbhai Shah vs State Of Gujarat**, (reported in 2016 4 GLR 2785), it was observed by Hon’ble Gujarat High Court in para - 27 as under:

*27. The SC/ST Act was enacted with a laudable object to protect vulnerable section of the society. Subclauses (I) to (xv) of Section 3(1) of the Act enumerated various kinds of atrocities that might be perpetrated against Scheduled Castes and Scheduled Tribes, which constitute an offence. However, Subclause( x) is the only clause where even offending “utterances” have been made punishable. The Legislature required intention as an essential ingredient for the offence of “insult”, “intimidation” and “humiliation” of a member*

*of the Scheduled Castes or Scheduled Tribe in any place within "public view". Offences under the Act are quite grave and provide stringent punishments. Graver is the offence, stronger should be the proof. The interpretation which suppresses or evades the mischief and advances the object of the Act has to be adopted. Keeping this in view, looking to the aims and objects of the Act, the expression "public view" in Section 3(1)(x) of the Act has to be interpreted to mean that the public persons present, (howsoever small number it may be), should be independent and impartial and not interested in any of the parties. In other words, persons having any kind of close relationship or association with the complainant, would necessarily get excluded.*

**[7.10]** Thus, in light of the above and considering the nature of relations between the complainant and accused, for securing guilt for accused having committed offence under Section 3(1)(r), the prosecution would be required to prove that the utterance of the caste derogatory words by accused was over heard by someone not connected to the complainant or her family. However, as noted above the only person not connected to the complainant (PW-1) is PW-5, but she does not support the case of the prosecution with regards to utterance of caste derogatory words by the accused persons. Therefore, charge punishable under Section 3(1)(r) also fails.

(૩૧) આક્ષેપાયેલ એટ્રોસીટી એકટની કલમ અન્વયે આ કામે રજુ થયેલ તમામ પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો,**ફરીયાદી: જીતેન્દ્રભાઈ કનુભાઈ પરમાર (PW–1)** તેમના **આંક:૨૧** થી રજુ પુરાવો વંચાણે લેતા, બનાવ સમયે નિરાંજલીને ગરબા ગાવામાંથી બહાર કાઢી ત્યારે તેઓ ત્યાં હાજર ન હતા અને બનાવના બીજા દીવસે તેમના કાકા રાજેન્દ્રભાઈએ તેમને બનાવની જાણ કરેલ. આમ, સદર ફરીયાદી હીયર–સે વીટનેશ હોવાનું જણાય આવે છે તેમજ ફરીયાદીએ હાલની ફરીયાદ પાંચ દીવસ મોડી સમાજના

આગેવાનો સાથે ચર્ચા કરી,ગોઠવીને સમજી વિચારીને આપેલાની હકીકત પણ રેકર્ડે આવેલ છે. રેકર્ડે રજુ થયેલ તમામ પુરાવા ધ્યાને લેતા, હાલનો આક્ષેપિત બનાવ માત્ર ભોગ બનનારના જાતિના કારણે જ બનેલ છે, તેવુ ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ છે. સદર કામે આંક:૩૧ થી તપાસાયેલ સાહેદ : ગલાભાઈ છગનભાઈ ડાભી કે જેઓ બનાવના નજરે જોનાર સ્વતંત્ર સાહેદ છે, તેઓ તેમની સરતપાસમાં જ સ્પષ્ટ જણાવી ગયા છે કે,બનાવ સમયે આ જીતેન્દ્રભાઈને કોઈએ જાતિ વિષયક અપશબ્દો બોલેલા નહી. સદર સાહેદ ગલાભાઈ સ્વતંત્ર સાહેદ છે, અને ફરીયાદી સાથે કોઈ હિત ધરાવનાર સાહેદ નથી, બનાવ સ્થળે તથા સમયે સદર સાહેદ હાજર હતા. આમ, સદર સાહેદ સ્વતંત્ર સાહેદ હોય, તેઓએ જણાવેલ હકીકત નહીં માનવાને કોઈ કારણ નથી. ફરીયાદીએ ફરીયાદ આપતા સમયે પોલીસને આંક:૨૩ વાળું જાતિનું પ્રમાણપત્ર આપેલ છે,જે જોતા, ફરીયાદી અનુસચિત જાતિના સભ્ય હોવાનું જણાય આવે છે. પરંતુ, હાલના કામે આંક:૨૩ થી રજુ ફરીયાદીના જાતિ પ્રમાણપત્રને પુરવાર કરવા જાતિના રજીસ્ટરના નોંધણી પેજની નકલ રજુ કરેલ ન હોય તેમજ સદર પ્રમાણપત્ર ઈસ્યુ કરનાર સરકારી અમલદારનો પુરાવો રેકર્ડે આવેલ ન હોય ,આંક:૨૩ થી રજુ ફરીયાદીના જાતિના પ્રમાણપત્ર પરત્વે શંકા ઉભી થાય છે.

(૩૨) આમ, ઉપરોકત આક્ષેપિત કલમ અન્વયે ફરીયાદી તથા સાહેદોની સમગ્ર જુબાની લક્ષમાં લેતા, આ કામના ફરીયાદીને આ કામના આરોપીઓએ ચોકકસ કયા પ્રકારની ગાળો આપવામાં આવેલ તેમજ તેમની જ્ઞાતિ પ્રત્યે હડધુત કરવામાં આવેલ હોવા સંબંધેનો કોઈ જ શંકારહીત પુરાવો રેકર્ડે આવેલ નથી. વળી, ફરીયાદી કહેવાતા બનાવના નજરે જોનાર સાહેદ ન હોય તેમજ બનાવની હકીકત વાતોવાતથી જાણેલ હોય તેમજ બનાવની ફરીયાદ

સમાજના આગેવાનો સાથે ચર્ચા કર્યા બાદ ગોઠવીને પાંચ દીવસ મોડી આપેલ છે. વળી, ફરીયાદીએ તેમની ફરીયાદમાં કે સોગંદ ઉપરની જુબાનીમાં કોઈપણ જગ્યાએ હાલના આરોપી ઓ તેઓને બનાવ પહેલાથી જ તેઓની જાતિ પ્રત્યે માહિતગાર હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. જયારે આ અન્વયેની કલમ–૮ ની જોગવાઈ જોતા, જાહેરમાં આરોપીઓએ ફરીયાદીનું અપમાન કરેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષ રેકર્ડ પર લાવી શકેલ હોય તેવું જણાતું નથી. આમ, આ કામના આરોપીઓએ જાહેર સ્થળે ફરીયાદી ને હલકા પાડવાના આશયથી ઈરાદાપુર્વક અપમાન કરવામાં આવેલ હોય કે ધમકી આપવામાં આવી હોય તેવું કઈ પુરવાર થતું નથી. જેથી એટ્રોસીટી એકટની કલમ –૩(૧)(આર)(એસ) તથા ૩(૨)(૫–અ) ના તત્વો આકર્ષાતા નથી. આમ, આરોપીઓ સામે સંબંધીત કલમ અન્વયેનું તહોમત ટકવાપાત્ર બનતું નથી. જેથી ફરીયાદપક્ષ આ કામના આરોપીઓએ અનુસુચીત જાતિ અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનીયમની કલમ– ૩(૧) (આર) (એસ) તથા ૩(૨)(૫–એ) મુજબના ગુનો કરેલાની હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય **મુદ્દા નં.૨ નો જવાબ ''નકારમાં''** આપવો ન્યાયોચિત માનું છું.

**(૩૩)** આમ, ઉપરોકત સમગ્ર હકીકત તેમજ આરોપીઓ સામે આક્ષેપિત કલમો અન્વયેની જોગવાઇ જોતા, આરોપીઓ સામેનો હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિંધ્ધાંતો અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તેમજ ક્રિમીનલ જસ્ટીસ ડીલીવરી સીસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામે મુકવામાં આવેલ આક્ષેપિત

ગુનો, શંકારહીત યોગ્ય પુરાવા રજુ કરીને પુરવાર કરવાનો હોય છે. ટુંકમાં આરોપીઓ દોષિત છે, તેવું પુરતા અને વિશ્વસનીય પુરાવા આધારે પુરવાર કરવાનું હોય છે. કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાંત મુજબ આરોપીને દોષિત ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ છે, તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ એકાદી કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતીનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપીઓ દોષમુકત અગર તો બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે. તે સંજોગો જોતા, હાલના કામે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

(૩૪) આમ, ઉપરોકત તમામ હકીકતો તથા સંજોગો લક્ષમાં લેતા, હાલના કામે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો ગુનો પોતાની જ ફરીયાદ પ્રમાણે શંકારહીત પુરવાર કરી શકેલ નથી. જેથી ઉપરોકત સમગ્ર હકીકતો લક્ષમાં લેતા, આ કામના આરોપીઓએ ઈ.પી.કો.કલમ –૧૪૩, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની કલમ – ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) મુજબનો ગુનો કરેલ હોવાનું શંકારહીત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નીવડેલ હોય, જેથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ, **મુદા નં.૧ તથા ૨** નો જવાબ **''નકારમાં''** આપી **મુદા નં.૩** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવો ન્યાયોચિત માનું છું.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપી નં.**(૧)નરેશભાઈ કનુભાઈ ચૌહાણ, ઉ.વ.૨૯,નં.(૨) અરવિંદભાઈ અર્જુનભાઈ ઉર્ફે અરજણભાઈ ચૌહાણ, ઉ.વ.૩૯,નં.(૩)વિજયભાઈ આતાભાઈ ચૌહાણ, ઉ.વ.૩૩,નં.(૪) અમૃતભાઈ ચુનીભાઈ ચૌહાણ,ઉ.વ.૩૧,નં.(૫) રમેશભાઈ દેવજીભાઈ ગોહેલ,ઉ.વ.૩૦, નં.(૬) ગોપાલભાઈ રાવજીભાઈ ચૌહાણ, ઉ.વ.૩૯, નં.(૭) પ્રવિણભાઈ ભલાભાઈ રાઠોડ,ઉ.વ.૩૯, નં.(૮)અશ્વિનભાઈ**

**ફતાભાઇ ચૌહાણ, ઉ.વ.૨૮, તમામ રહે.વાસણાખુર્દ, તા. જી.ખેડા** – નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) મુજબ તેઓની સામેના ઇ.પી.કો.કલમ –૧૪૩, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની કલમ – ૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–અ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના આરોપીઓએ સરકાર પક્ષ આ હુકમ સામે અપીલ કરે તો અપીલના કામે હાજર રહેવા માટેના રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો આપવો.

(૩) સદર ચુકાદાની નકલ જીલ્લા મેજીસ્ટટ્રેટ શ્રી ખેડાને મોકલવાનો અત્રેની ઓફીસને ફોજદારી કાર્યરીતી અધીનીયમની કલમ–૩૬૫ મુજબ તેમજ ક્રિમીનલ મેન્યુઅલના પેરા–૧૩૨ મુજબ આદેશ કરવામાં આવે છે, તે મુજબ ઓફીસે કાર્યવાહી કરવી.

(૪) આ કેસનું રેકર્ડ નિયમોનુસાર વર્ગીકરણ કરી રેકર્ડ રૂમમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે, તે મુજબ ઓફીસે કાર્યવાહી કરવી.

હુકમ આજરોજ તારીખ:પચીસમી, માહે: માર્ચ, સને:૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| નડીયાદ<br>તા.૨૫/૦૩/૨૦૨૬<br>એસ.જે.રાણા | **(મુકેશકુમાર જયંતીલાલ બ્રહ્મભટ્ટ )<br>સ્પે. જજ (એટ્રોસીટી) અને<br>ચોથા એડીશ્નલ સેશન્સ જજ,<br>ખેડા–એટ,નડીઆદ.<br>(જયુડી કોડ નં.જી.જે.૦૦૭૫૪)** |